dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 23 | AD - 2024, Aaso Vad -07 | Wednesday, Dt.23-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કઝાનમાં બ્રિક્સ સમિટ પહેલા બંને નેતાઓ હાથ મીલાવી ગળે મળ્યા

## પ્રધાનમંત્રી મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન વચ્ચે દ્વિપક્ષીય મુદ્દાઓ પર વાતચીત

કઝાન,તા.૨૨

બ્રિક્સ સમિટ રશિયાના કઝાન શહેરમાં ૨૩ અને ૨૪ ઓક્ટોબરે યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન કઝાનમાં બ્રિકસ સમિટ પહેલા મળ્યા હતા. આ દરમિયાન બંને નેતાઓ એકબીજાને ઉમળકાભેર મળ્યા હતા. પીએમ મોદીએ પુતિન સાથે હાથ મિલાવ્યા અને પછી તેમને ગળે લગાવ્યા. આ પછી બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય મુદ્દાઓ પર વાતચીત થઈ. વાતચીત દરમિયાન પીએમ મોદીએ રશિયા-યુક્રેન સંઘર્ષનો પણ ઉલ્લેખ કર્યો હતો.



પુતિન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ રશિયાના ઉષ્માભર્યા આતિથ્ય માટે આભાર માન્યો હતો. તેમણે કઝાન શહેર સાથે ભારતના ઐતિહાસિક સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો અને માહિતી આપી હતી કે ભારત કઝાનમાં નવું કોન્સ્યુલેટ ખોલી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક મહિનામાં હું બીજી વખત રશિયા આવ્યો છું. હું આ વર્ષે જુલાઈમાં મોસ્કોમાં રાષ્ટ્રપતિ પુતિનને મળ્યો હતો. આ ઉષ્મા બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધોને દર્શાવે છે. ભારત અને રશિયા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બન્યા છે. પીએમ મોદીએ છેલ્લા એક વર્ષથી બ્રિક્સનું નેતૃત્વ કરવા બદલ રશિયાને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે બ્રિક્સે છેલ્લા ૧૫ વર્ષમાં પોતાની છાપ છોડી છે. હું બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આતુર છું. રશિયા-યુક્રેન સંઘર્ષ દરમિયાન રાષ્ટ્રપતિ પુતિન અને હું સતત સંપર્કમાં છીએ. ભારત માને છે કે સંઘર્ષનો ઉકેલ શાંતિપૂર્ણ હોવો જોઈએ. અમે માનવજાતની સંભાળ રાખીને શાંતિ અને સ્થિરતાને સમર્થન આપીએ છીએ. ભારત આ મામલે તમામ પ્રકારનો સહયોગ આપવા તૈયાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય બેઠકમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું, 'આંતર-સરકારી આયોગની આગામી બેઠક ૧૨ ડિસેમ્બરે નવી દિલ્હીમાં યોજાવાની છે. અમારા સંયુક્ત પ્રોજેક્ટ્સ સતત પ્રગતિ કરી રહ્યા છે. તમે કઝાનમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ ખોલવાનું નક્કી કર્યું છે, અમે તેનું સ્વાગત કરીએ છીએ. ભારતની નીતિઓથી બંને દેશો વચ્ચેની ભાગીદારી અને સંબંધોને ફાયદો થશે. તમને અને તમારા પ્રતિનિધિમંડળને રશિયામાં જોઈને અમે ખૂબ જ ખુશ છીએ. પીએમ મોદી રશિયાની અધ્યક્ષતામાં આયોજિત ૧૬માં બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે ત્યાં પહોંચ્યા છે. કઝાન પહોંચતા જ પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીના રશિયા પ્રવાસને લઈને ભારતીય સમુદાયના લોકો ખૂબ જ ઉત્સાહિત જણાતા હતા. દરેક જગ્યાએ લોકોના હાથમાં ત્રિરંગો જોવા મળ્યો હતો અને લોકો પણ પીએમની એક ઝલક મેળવવા માટે ઉત્સુક હતા. માત્ર ભારતીયો જ નહીં પરંતુ રશિયન લોકોએ પણ પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. કઝાન પહોંચતા જ રશિયન લોકોએ કૃષ્ણ ભજન ગાઈને પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું. આટલું જ નહીં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે હોટેલ કોર્સટન પહોંચ્યા ત્યારે રશિયન સમુદાયના કલાકારોએ શાનદાર ડાન્સ પરફોર્મન્સ આપીને તેમનું સ્વાગત કર્યું હતું. પીએમ મોદીએ અનેક લોકો સાથે હાથ મિલાવ્યા અને બાળકોને આશીર્વાદ આપ્યા. ઘણા લોકો સાથે ફોટોગ્રાફ પણ લીધા. લગભગ ૬૨ હજાર ભારતીય ઈમિગ્રન્ટ્સ રશિયામાં રહે છે. બ્રિક્સ સંમેલનની સાથે સાથે સમગ્ર વિશ્વની નજર તેના પર પણ કેન્દ્રિત છે કે પીએમ મોદી રશિયામાં કયા દેશોના વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. રશિયામાં ભારતના રાજદૂત વિનય કુમારે કહ્યું છે કે પીએમ મોદી કઝાનમાં બ્રિકસ સભ્ય દેશોના સમકક્ષો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

## જબલપુરની આર્મી ઓર્ડિનન્સ ફેકટરીમાં જોરદાર બ્લાસ્ટ, બે કર્મચારીઓના મોત

જબલપુર,તા.૨૨

જબલપુરની આર્મી ઓર્ડિનન્સ ફેક્ટરી ખમરિયા (OFK)માં મંગળવારે સવારે જોરદાર બ્લાસ્ટ થયો હતો. બે કર્મચારીનાં મોત થયાં છે, જ્યારે ૧૦થી વધુ દાઝ્યા છે. બેની હાલત ગંભીર છે, જેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ફેક્ટરી મેનેજમેન્ટે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. આ બ્લાસ્ટ ફેક્ટરીના F-૬ સેક્શનના બિલ્ડિંગ નંબર ૨૦૦માં થયો હતો. બ્લાસ્ટ બાદ એક કર્મચારી ગુમ હતો, જેનો મૃતદેહ મળી આવ્યો છે. એ જ સમયે અન્ય એક કર્મચારીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ઓર્ડિનન્સ ફેક્ટરી ખમરિયાના જીએમ અને અન્ય અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા. જોકે અધિકારીઓ હાલમાં મીડિયા સાથે કોઈ માહિતી શેર કરી રહ્યા નથી. કેન્ટ વિધાનસભાના ધારાસભ્ય અશોક રોહાની ઘાયલોને મળવા માટે ઓર્ડિનન્સ ફેક્ટરી ખમરિયા સ્થિત હોસ્પિટલમાં પહોંચ્યા હતા. મળતી માહિતી મુજબ ફેક્ટરીના F-૬ સેક્શનમાં બોમ્બ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન હાઈડ્રોલિક સિસ્ટમમાં અચાનક વિસ્ફોટ થયો હતો. ઘટના બાદ ઘાયલ કર્મચારીઓને OFK હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હાલત ગંભીર બનતા કર્મચારીઓ રણધીર, શ્યામલાલ અને ચંદનને ખાનગી હોસ્પિટલમાં રિફર કરાયા હતા. બ્લાસ્ટ કેવી રીતે થયો અને કોની બેદરકારી આના માટે જવાબદાર છે તેની તપાસ શરૂ કરવામાં આવી છે.




### બોમ્બ સ્ક્વોડની ટીમે સ્કૂલમાં પહોચી તપાસ શરૂ કરી

## સીઆરપીએફની ત્રણ સહિત પાંચ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ન્યુ દિલ્હી,તા.૨૨

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ની દિલ્હીની ૨ સ્કૂલ અને હૈદરાબાદની ૧ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, આ ધમકી ત્રણેય સ્કૂલોના મેનેજમેન્ટને ઈમેલ દ્વારા આપવામાં આવી હતી. આ સિવાય તમિલનાડુના કોઈમ્બતુરની ચિન્નાવેદમપટ્ટી અને સરવણમપટ્ટીની બે ખાનગી સ્કૂલોને પણ બોમ્બની ધમકી મળી છે. બોમ્બ સ્કવોડની ટીમ મંગળવારે સવારે આ તમામ સ્કૂલોમાં પહોંચી હતી. સ્કૂલોને ખાલી કરાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. જો કે હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. આ પહેલા ૨૦ ઓક્ટોબરે દિલ્હીના રોહિણીમાં CRPF સ્કૂલ પાસે બ્લાસ્ટ થયો હતો. જો કે આ હુમલામાં કોઈને ઈજા થઈ નથી. માત્ર દુકાનો અને સ્કૂલની દિવાલને નુકસાન થયું હતું.



દિલ્હીના પ્રશાંત વિહાર વિસ્તારમાં આવેલી CRPF સ્કૂલમાં ૨૦ ઓક્ટોબરે સવારે લગભગ ૭:૩૦ વાગ્યે બ્લાસ્ટ થયો હતો. ખાલિસ્તાની સંગઠને ટેલિગ્રામ દ્વારા આની જવાબદારી લીધી હતી. દિલ્હી પોલીસે જણાવ્યું કે સ્કૂલની દિવાલ પાસે પોલીથીન બેગમાં વિસ્ફોટકો રાખવામાં આવ્યા હતા.




## ફરી એકવાર ૩૦ વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

ન્યુ દિલ્હી,તા.૨૨

સોમવારે મોડી રાત્રે ફરી એકવાર ૩૦ વિમાનોને બોમ્બની ધમકી મળી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમાં ઈન્ડિગો, વિસ્તારા અને એર ઈન્ડિયા (AI)ની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. છેલ્લા ૮ દિવસમાં ૧૨૦થી વધુ વિમાનોને બોમ્બ હુમલાની ધમકી મળી છે. ઈન્ડિગોના પ્રવક્તાએ મંગળવારે જણાવ્યું કે સોમવારે તેમની ચાર ફ્લાઈટને સુરક્ષા ચેતવણીઓ મળી હતી. તેમાં મેંગલુરુથી મુંબઈ આવતી ૬E૧૬૪ ફ્લાઈટ, અમદાવાદથી જેદ્દાહ જતી ૬E૭૫ ફ્લાઈટ, હૈદરાબાદથી જેદ્દાહ જતી ૬E૬૭ ફ્લાઈટ અને લખનૌથી પુણે આવતી ૬E૧૧૮ ફ્લાઈટનો સમાવેશ થાય છે. વિસ્તારા અને એર ઈન્ડિયાના પ્રવક્તાએ મંગળવારે પુષ્ટિ કરી હતી કે સોમવારે સોશિયલ મીડિયા પર કેટલીક ફ્લાઈટ્સને ધમકીઓ મળી હતી. અમે સંબંધિત અધિકારીઓને જાણ કરી હતી અને તમામ પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હતું.












# બગસરામાં રોડનું કામ છેલ્લા ઘણા દિવસોથી બંધ હોવાથી લોકો પરેશાન


તસવીર : હાર્દિક બામટા

બગસરા, તા.૨૨

બગસરા નગરપાલિકા દ્વારા પોલીસ સ્ટેશનથી બાયપાસ સુધી રોડ બનાવવાનું કામ ઘણા દિવસ અગાઉ ચાલુ કરવામાં આવ્યું હતું. ત્યાં ખોદકામ કર્યા પછી છેલ્લા ઘણા સમયથી તે કામ બંધ કરવામાં આવ્યું છે. ખોદકામની સાથો સાથ ગટરના ઢાંકણા પણ ખુલ્લા રાખ્યા હોવાથી અહીં પસાર થતા વાહન ચાલકો અવારનવાર તેમાં ખૂંચી જતા જોવા મળી રહ્યા છે. આ સ્થિતિમાં વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આવા બનાવો છાશવારે બનતા હોવા છતાં પાલિકા દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. આથી કોઈ ભયંકર અકસ્માત થાય તેની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આજે પણ એક કાર ચાલક પોતાની કાર લઈને ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગટરનું ઢાંકણું ખુલ્લું હોવાના કારણે તેમાં કાર ખૂંચી ગઈ હતી. દિવાળી જેવા તહેવારો આવી રહ્યા છે તેમ છતાં આ રોડ ખોદી નાખવામાં આવતા વેપારીઓમાં રોષ ફેલાયો છે.

# રાજુલાના હિંડોરણા પાસેના હાઈવેના પુલ પર પાંચમી વાર ગાબડું પડ્યું


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૨૨

રાજુલાના હિંડોરણા ગામ પાસે આવેલ નેશનલ હાઈવેના પુલ પર પાંચમી વાર ગાબડું પડી ગયું હતું. હાલમાં આ ગાબડું પૂરવાની કામગીરી શરૂ થયેલ છે. આથી હાઈવે ઓથોરિટીએ કેવા રોડ અને કેવા પુલ બનાવ્યા છે અને તે કેટલો ટાઈમ ચાલશે તે કહી શકાય તેમ નથી. આ અંગે લોકોમાં એવી ચર્ચા છે કે વેરાવળ-ભાવનગર નેશનલ હાઈવેમાં ખૂબ જ ભ્રષ્ટાચાર થયો હોવાથી આવા ગાબડાઓ પુલમાં અને રોડમાં અવારનવાર પડતા રહેતા આ રોડ કેટલો ટકી શકશે તે સવાલ છે.

આ રોડના નિર્માણમાં ખૂબ જ પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયો હોય તે અંગેની તપાસ થાય તેવી પણ માગણી લોકો કરી રહ્યા છે. તો શું તંત્ર ફક્ત ટોલટેક્સ ઉઘરાવશે કે પછી ભ્રષ્ટાચાર મુક્ત કામગીરી કરી સારા રોડ બને તેવી વ્યવસ્થા પણ કરશે તેવા પ્રશ્નો લોકો પૂછી રહ્યા છે.

# અમરેલીનાં થોરડી ગામે ત્રિવેદી પરિવાર દ્વારા હવન યોજાયો


તસવીર : હસમુખ રાવળ

બાબાપુર, તા.૨૨

અમરેલી તાલુકાના થોરડી મુકામે ત્રિવેદી પરિવાર દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હવન બુદ્ધનાથ દાદાના પટાંગણમાં યોજાયો હતો. સવારે સાત વાગે યજ્ઞનો પ્રારંભ થયો હતો અને ૧૨.૩૦ કલાકે પૂર્ણાહુતી, મહા આરતી મહાયજ્ઞના આચાર્ય હિરેનભાઈ ત્રિવેદીએ કરાવી હતી. આ નવચંડી યજ્ઞના આયોજકો આશિષભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, કેતનભાઈ ત્રિવેદી અને હિતેશભાઈ ત્રિવેદી હતા. આ યજ્ઞમાં ગાંધીનગર, અમદાવાદ, બગસરા, વાંકિયાથી ત્રિવેદી પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા શાકમાર્કેટમાંથી અતિક્રમણ દૂર : પાલિકાની કડક કાર્યવાહી

બગસરા, ૨૨

બગસરા નગરપાલિકાના નવનિયુક્ત ચીફ ઓફિસર દિલીપભાઈએ શાકમાર્કેટમાં વર્ષોથી જામેલા અતિક્રમણ સામે કડક કાર્યવાહી કરી છે. લાંબા સમયથી પ્રજાની માગણી હતી તે મુજબ શાકમાર્કેટના તમામ માર્ગો ખુલ્લા કરાવવામાં આવ્યા છે. શાકમાર્કેટમાં પ્રવેશવું માથાના દુઃખાવા સમાન બની ગયું હતું, જે સમસ્યા હલ થતાં સ્ટોલધારકો અને લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. માર્કેટમાં ફેલાયેલી ગંદકી દૂર કરવામાં આવી છે અને બંધ પડેલું યુરિનલ પણ કાર્યરત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. દબાણ કરનારા લારીધારકો પાસેથી કુલ રૂ. ૪૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે. પાલિકા દ્વારા વેપારીઓને ચેતવણી આપવામાં આવી છે કે રોજ તપાસ કરવામાં આવશે અને નિયમ ભંગ કરનારાઓની લારીઓ જપ્ત કરવામાં આવશે. વેપારીઓએ જૂની શાકમાર્કેટના રિનોવેશનની માગણી પણ કરી છે, જેના પર ધ્યાન આપવાની જરૂરિયાત વ્યક્ત કરી છે.



# લીલીયા તાલુકાનાં ખેડૂતોને તાત્કાલિક વળતર ચૂકવવા વિપુલ દૂધાતની રજૂઆત



લીલીયા, તા. ૨૨

લીલીયા તાલુકામાં કમોસમી વરસાદનાં કારણે ખેતીનાં પાકોને ભારે નુકસાન થયું છે ત્યારે ખારાપાટ વિસ્તારનાં ગામોમાં ખેતીવાડીમાં પાણી ભરાઈ ગયા છે અને કપાસ, મગફળી, સોયાબીનનો પાક નિષ્ફળ ગયો છે. તથા ખેડૂતાનાં મોંમાં આવેલ કોળીયો છીનવાઈ ગયો છે. જેથી તાત્કાલિક ધોરણે નુકસાનની સહાય ચૂકવવામાં આવે તેવી રજૂઆત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં પૂર્વ ચેરમેન વિપુલભાઈ દુધાતે મુખ્યમંત્રીને કરી છે.

# સાવરકુંડલામાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની બોટલ ઝડપાઈ



અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં પોલીસની કડક કાર્યવાહી છતાં વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. પોલીસે દેશી દારૂની સાથે વિદેશી દારૂનો વેપલો કરનારાઓ સામે પણ તવાઈ બોલાવી છે. દિવાળીનું પર્વ નજીક હોવાથી અમરેલી જિલ્લામાં વિદેશી દારૂની ખેપ મારનારાઓ સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા પોલીસે કમર કસી છે. સાવરકુંડલામાં એલસીબી પોલીસે કાપેલધાર વિસ્તારમાં આવેલ એક રહેણાંકમાં દારૂ અંગે દરોડો પાડયો હતો. પોલીસને અહીથી વિદેશી દારૂની ૮૧ બોટલ મળી આવી હતી. પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગત અનુસાર, એલસીબી પોલીસે અહીના એક રહેણાંકમાંથી વિદેશી દારૂની ૮૧ બોટલ કિંમત રૂપિયા ૩૩૨૬૯ તેમજ મોબાઈલ મળી કુલ રૂપિયા ૩૮૫૧૯નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે શીલ્પેશ બાલુભાઈ વાળા, પ્રતિક ઉર્ફે મુરલી કાળુભાઈ આંબલીયા, સાગર ચતુરભાઈ સરૈયા નામના શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

# ખાંભાનાં મોટા સરાકડીયા ગામેથી પુરુષ લાપતા થયો

**ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈએ વધુ તપાસ હાથ ધરી**

ખાંભા, તા.૨૨

ખાંભાના મોટા સરાકડીયા ગામેથી એક પુરુષ ઘરે કોઈને જાણ કર્યા વગર ક્યાંક જતો રહ્યો હતો. બનાવ અંગે હાલ મુંબઈ રહેતા અને ગુમ થનારાના પત્ની શિલ્પાબેન રાઠોડ (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ રાહુલભાઈ ઉર્ફે પ્રવિણભાઈ રાઠોડ ૧૦ દિવસ પહેલાં ઘરે કોઈને કાંઈ જાણ કર્યા વગર અને કહ્યા વગર પોતાની મેળે ક્યાંક જતા રહ્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ ઋત્વિકભાઈ એસ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.




# અમરેલી ખાતે પોલિટેકનિક કોલેજમાં ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શન અપાયું



અમરેલી, તા.૨૨

અમરેલી ખાતે આવેલ ડો. જે. એન. મહેતા ગવર્મેન્ટ પોલિટેક્નિક ખાતે ફાયર એન્ડ સેફટીની જાગૃતિ મામલે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હાલમાં વધતા જતા ઔદ્યોગિક અકસ્માત અંગે ભવિષ્યમાં બનવા જઈ રહેલા એન્જિનિયરોમાં જાગૃતિ આવે અને અકસ્માત કે આગના બનાવોથી કેમ રક્ષણ મેળવવું તેના માટે સેફ્ટી ક્ષેત્રના જાણીતા નિષ્ણાત અખિલ મહેતા દ્વારા ડો. જે.એન. મહેતા ગવર્મેન્ટ પોલિટેક્નિકના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવેલ હતું.












### રોટરી કલબ ઓફ અમરેલી, વેપારી મહામંડળ અમરેલી તથા રોટરેક્ટ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા

# અમરેલીમાં રાહત દરે ફટાકડા મોલનું સંતોનાં હસ્તે ઉદ્‌ઘાટન

**ફટાકડામાંથી થનાર આવકનાં ૨૫% મૂક-બધીર શાળાને અર્પણ કરાશે**

અમરેલી, તા.૨૨

દિવાળીનો તહેવાર નજીક આવતો હોવાથી ફટાકડા માટે બાળકોમાં ક્રેઝ જોવા મળી રહ્યો છે. જો કે ફટાકડા દર વર્ષે મોંઘા થતા જતા હોવાથી વાલીઓ ફટકડાની ખરીદીમાં કાપ મુકતા હોય છે ત્યારે બાળકો હોંશે હોંશે ફટકડા ફોડી શકે તે માટે અમરેલી શહેરની સેવાકીય સંસ્થાઓએ દર વર્ષની જેમ આ વર્ષે પણ રાહત દરે ફટાકડા માટેનો મેગામોલ ખોલ્યો છે. રાહત દારે ફટાકડાનો મેગામોલ ખુલતા વાલીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે. અમરેલીની સેવાકીય સંસ્થાઓ





રોટરી કલબ ઓફ અમરેલી, વેપારી મહામંડળ અમરેલી તથા રોટરેક્ટ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા શહેરીજનોને રાહત દરે ફટાકડા મળી રહે તે માટે ફટાકડા વેચાણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આજના સમયમાં મોંઘવારી કૂદકે ને ભૂસકે વધી રહી છે ત્યારે અમરેલીનાં લોકોને મોંઘવારીના સમયમાં રાહત દરે ફટાકડા મળી રહે તે માટે ફટાકડા મેગામોલનું આજરોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ફટાકડા મેગામોલનાં ઉદ્‌ઘાટનમાં મહંત જયકિશનદાસ બાપુ, તરવડા ગુરુકુળનાં સંતોનાં હસ્તે ફટાકડા મોલ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ ફટાકડા મોલ મ્યૂનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ સામે નગરપાલિકા પ્લેસ પાર્કીંગ ખાતે રાખવામાં આવેલ છે. ફટાકડા મોલમાંથી થનાર આવકના ૨૫% મૂક-બધીર શાળા-અમરેલીને અર્પણ કરવામાં આવશે. તેમજ વિવિધ સમાજ ઉપયોગી સેવાકીય પ્રવૃત્તિમાં વાપરવામાં આવશે તેમ સંસ્થાના હોદેદારોએ જણાવેલ છે.

## અમરેલીના કામનાથ ડેમમાં ડૂબી જતાં પુરુષનું મોત

અમરેલી, તા.૨૨

અમરેલીના કામનાથ ડેમમાં ડૂબી જવાથી એક પુરુષનું મોત થયું હતું. બનાવ સંદર્ભે વિપુલભાઈ નટવરલાલ સોલંકી (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, મેહુલભાઈ નટવરલાલ સોલંકી (ઉ.વ.૩૭) બે દિવસ પહેલા અમરેલી કામનાથ ડેમના ઉંડા પાણીમાં નહાવા જતાં ડૂબી જતાં મરણ પામ્યા હતા.

## બાબરા શહેરમાં ટીબીના દર્દીઓને ખોડિયાર ગ્રુપ દ્વારા પોષણ કીટનું વિતરણ

બાબરા,તા.૨૨

બાબરા ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત સામૂહિક આરોગ્ય કેન્દ્રના ટીબી યુનિટમાં ખોડિયાર ગ્રુપ દ્વારા શહેરના તમામ ટીબી દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખોડિયાર ગ્રુપે શહેરના તમામ ટીબી દર્દીઓને દત્તક લીધા છે અને તેમને દવાની સાથે પૂરતું પોષણ મળી રહે તે માટે પ્રયત્નશીલ છે. જરૂરિયાતમંદ દર્દીઓને ટિફિન સેવા અને ફળો સાથે પોષણયુક્ત આહાર મળી રહે તે હેતુથી સોયાબીન, ચણા અને મગની કીટનું વિતરણ કરાયું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. આર.આર. મકવાણાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ખોડિયાર ગ્રુપના નટુભાઈ શિયાણી, સીએચસી બાબરાના અધિક્ષક ડૉ. વોરા, ઘનશ્યામભાઈ ગજેરા અને મોનિકાબેન દથલીયાએ જહેમત ઉઠાવી હતી.



## જીકાદ્રી ગામે બાળકને મોતને ઘાટ ઉતારનાર સિંહણ પાંજરે પુરાઈ

જાફરાબાદ, તા.૨૨



જાફરાબાદ તાલુકાનાં જીકાદ્રી ગામે વાડી વિસ્તારમાં મજૂરનાં ૬ વર્ષનાં બાળકને મોતને ઘાટ ઉતારનાર સિંહણને વનવિભાગ દ્વારા પાંજરે પુરવામાં આવી છે. મૃત્યુનાં બનાવ બાદ રાજુલા રેન્જનાં વનવિભાગનાં સ્ટાફ દ્વારા છેલ્લા ૨૪ કલાક દરમિયાન સિંહણની શોધખોળ હાથ ધરાઈ હતી. જેનું લોકેશન લાલજીભાઈ લીંબાળીની વાડીમાં જણાઈ આવતાં સિંહણને બેભાન કરી રેસ્કયુ કરવામાં આવ્યું હતું.

## જાબાળ ગામે મજૂરીના પૈસા ચુકવવાની ના પાડી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાના જાબાળ ગામે રહેતા એક યુવકને મજૂરીના પૈસા ચુકવવાની ના પાડી, ભાગવી રાખેલી વાડીના શેઢા પાસે આવી ગાળો બોલી, લાકડીના ઘા મારી, ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે રાહુલભાઈ જેરામભાઈ વાઘેલા (ઉ.વ.૩૧) એ હરેશભાઈ ગોબરભાઈ રંગપરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે ગામમાં ભીખાભાઈ ગોબરભાઈ રંગપરીયાની ૨૦ વિઘા જમીન ભાગવી રાખીને તેમાં કપાસનું વાવેતર કર્યું હતું. આ વાડીમાં ભીખાભાઈના પત્ની ભાનુબેને તેને પૂછ્યા વગર કપાસ વિણવાના મજૂર કરી લીધા હતા. જેથી મજૂરના પૈસા ચુકવવાના હતા. ઉપરાંત મજૂર કરવાની ના પાડી હતી, જેથી ભાનુબેનના દિયરને સારૂ ન લાગતા તેમની સાથે બોલાચાલી કરી ગાળો આપી હતી. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ ભાગવી રાખેલ વાડીએ જતા ત્યાં આરોપી તેમના વાડીના શેઢા પાસે આવી, લાકડી વડે બે ત્રણ ઘા મારી, જેમફાવે તેમ ગાળો બોલીને મુઢ ઈજા કરી હતી. તેમજ ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી.

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટ્ટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

KAKA PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કીંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

### જાહેર હરાજી અંગેની નિવિદા

આથી જાહેર હરાજી થી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદા થી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના લીલીયા મોટા ગામે ગ્રામપંચાયત કચેરી-લીલીયા દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામત નાં ઈમલાની જાહેર હરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામત ની જે સ્થીતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે. જેથી જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

| ક્રમ | અસ્કયામત અને ઈમલાની વિગત | જાહેર હરાજીની તારીખ | જાહેર હરાજીનો સમય | નક્કી થયેલ અપસેટ કિંમત | જાહેર હરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | આંગણવાડી નં. ૯ | ૨૬/૧૦/૨૦૨૪ | ૧૨:30 | ૨૦૦૦/- | ગ્રામ પંચાયત કચેરી લીલીયા |
| ૨ | જાહેર શૌચાલય | ૨૬/૧૦/૨૦૨૪ | ૧૨:30 | 3000/- | ગ્રામ પંચાયત કચેરી લીલીયા |
| 3 | ધર્મશાળા નો ભંગાર | ૨૬/૧૦/૨૦૨૪ | ૧૨:30 | કીલોના ૨૭ રૂ. | ગ્રામ પંચાયત કચેરી લીલીયા |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોકત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત
સરપંચ, ગ્રામ પંચાયત

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકિંગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

તંત્રી લેખ

# અમેરિકાના આઈટી નિષ્ણાંતો હવે ભારત ભણી


અમેરિકાની પ્રગતિનો આધાર ભારતમાંથી અમેરિકા ગયેલા ભારતીય નાગરિકોને કારણે છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં અમેરિકા આગળ છે તેનું કારણ ભારતના ટેકનોક્રેટ છે. ગત સપ્તાહે ડોનાલ્ડ ટ્રમ્પે જે ભારત વિરોધી નિવેદન આપ્યું છે તેને કારણે અમેરિકામાં અગણિત લોકોને ગંભીર અસર થશે. અમેરિકા પોતાના નાગરિકોને પ્રથમ કક્ષાએ મૂકવા માટે ભારત ઉપર વિઝા તથા ટેક્સના પ્રતિબંધ મૂકવા માંગે છે તેમ જાહેર સભામાં ડોનાલ્ડ ટ્રમ્પે આપેલા નિવેદને ભારતીય સમુદાયમાં નિરાશા વ્યાપી છે. તેઓને લાગે છે કે હવે સ્વદેશ પાછા ફરવાનો સમય આવી પહોંચ્યો છે નજીકના ભવિષ્યમાં અમેરિકાથી અગણિત લોકો ભારત વાપસી કરશે. અમેરિકામાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્ર સંકળાયેલા યુવાનો ભારતમાં આવી જશે એવું લાગે છે. પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે અચાનક જ નોકરી આંચકી લેવામાં આવે છે અને જ્યાં ડિમાન્ડ હતી ત્યાં ગ્રહણ જોવા મળી રહ્યું છે. પ્રતિદિન સ્થિતિ વધુ વણસતી જાય છે. ભારતના સેંકડો આઈટી નિષ્ણાતો માથે છટણીની તલવાર લટકી રહી છે. અમેરિકામાં ૨૦૨૨ના વર્ષમાં અત્યાર સુધીમાં ૫૨,૦૦૦ જેટલા આઈટી નિષ્ણાતોએ નોકરી ગુમાવી છે. અનેક ભારતીયો એચ વન-બી વિઝાની રાહ જોઈને બેઠા છે. જે લોકો વિઝાની સમસ્યા અનુભવી રહ્યા છે તેમના માટે પરત ભારત આવવું વધુ યાગ્ય છે એમ કહી શકાય. અમેરિકાની એચ વન-બી વિઝા નીતિ બહુ સ્પષ્ટ થતી નથી, જે ચિંતાનો વિષય છે. આપણો દેશ બ્રેન ડ્રેનની સમસ્યા સમસ્યાનો ગંભીરતાથી સામનો કરી રહ્યો છે. આપણા મોટાભાગના આઈટી નિષ્ણાતોને અમેરિકામાં ખૂબ મોટી તક મળી હોવાથી તેઓ જ્યાં ચાલ્યા ગયા છે આથી આપણે ત્યાં આઈટી મેન પાવરનો અભાવ વધતો જાય છે પરંતુ હવે પરિસ્થિતિ બદલાતા અમેરિકાથી મોટા પ્રમાણમાં લોકો ભારતમાં આવીને સ્થાયી થશે અને ભારતને આઈટી ક્ષેત્રમાં શ્રેષ્ઠ બનાવવા માટે યોગદાન આપશે તે આપણા માટે એક સારી શરૂઆત ગણાશે. આગામી દશ વર્ષમાં ભારતમાં અનેક નવી તકો ઉભી થઈ રહી છે. ભારતની ડ્રીમ સ્પોર્ટ આઠ અબજ ડોલરનું યુનિકોર્ન છે. ડ્રીમ-૧૧ એપ્લિકેશન ગુગલ પ્લે સ્ટોર પર ૯ ઓક્ટોબરે મુકાઈ હતી, ૨ નવેમ્બર સુધીમાં તો ગેમિંગ ચાર્ટ પર તે ટોપ પર પહોંચી ગઈ હતી. હરીશ જૈને લખ્યું છે કે અમારી પાસે ૧૦ કંપનીઓ છે અને દરેકને ટેલેન્ટની જરૂર છે. જે રીતે ટોચની ઈન્ફોર્મેશન ટેકનોલોજી જાયન્ટ કંપનીઓ સ્ટાફની છટણી કરી રહી છે તે જોતાં એમ કહી શકાય કે કેટલાક આઈટી નિષ્ણાતો ભારત પરત આવવા વિચારવા માંડ્યા હશે. ભારતમાં પણ વિશ્વની ટોચની આઈટી કંપનીઓ છે અને તે આઈટી બ્રેન શોધવા મથામણ કરી રહી છે. ભારત વિશ્વનું સ્ટાર્ટઅપ કેપિટલ બની ગયું છે ત્યારે ટેકનોલોજી આધારિત સ્ટાર્ટઅપ પણ મોટા પાયે આકાર લઈ ચૂક્યાં છે. ટૂંકમાં ભારતમાં આઈટી બ્રેન માટે સ્કાય ઈઝ ધ લિમિટ જેવી સ્થિતિ છે. જે રીતે ઈલોન મસ્કે ટ્વિટરના સ્ટાફની છટણી કરી છે તે જોતાં એમ લાગે છે કે ઈલોન મસ્ક ખોટ ઘટાડવા માટે પગારના ખર્ચા ઓછા કરી નાખશે અને સ્ટાફની સાફસુફી ચાલુ રાખશે. અમેરિકાની સિલિકોન વેલીમાં ભારતના આઈટી એન્જિનીયરો મોટી સંખ્યામાં છે. કોઈ વૈશ્વિક મંદીનો ડર બતાવીને સ્ટાફની છટણી કરે છે તો કોઈ સ્ટાફ કંપનીને વફાદાર નથી એમ કહીને છટણીની તલવાર ઉગામે છે. ઈશ્વર જે કરે છે તે સારા માટે કરે છે અમેરિકામાંથી જે લોકોને કાઢી મુકવામાં આવશે તે લોકોને એવું લાગશે કે પોતાની સાથે ખોટું થયું છે પરંતુ બીજી રીતે તેઓ પોઝિટિવ વિચારશે તો લાગશે કે અત્યાર સુધી તેણે અમેરિકાને સશક્ત બનાવવામાં પોતાની શક્તિ ખર્ચી છે હવે પોતાના વતનને આઈટી ક્ષેત્રે નંબર વન બનાવવાનો મોકો મળશે અને આ રીતે તે ભારતને અમેરિકા કરતા પણ વધુ આઈટી ક્ષેત્રે સંપન્ન બનાવી શકશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

# દામનગરમાં વરસાદથી ખેતી પાકને નુકસાન થતાં ખેડૂતોની દિવાળી બગડી

**સતત વરસાદ વરસતા ખેડૂતોના પાકનું ધોવાણ**

દામનગર, તા.૨૨

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ વરસી રહ્યો છે. રવિવારે બપોરના સમયે અમરેલી જિલ્લામાં પણ ધોધમાર વરસાદ વરસતા લોકોના અને ખાસ તો કિસાનોના જીવ પડીકે બંધાઈ ગયા હતા. દામનગર શહેરમાં અને ગ્રામ્ય પંથકમાં કડાકા - ભડાકા સાથે અડધી કલાકમાં તો એક થી લઈને સવા બે ઈંચ વરસાદ વરસી જતા દામનગર શહેરના મધ્યમાં આવેલ હવેલી - સરદાર સર્કલ અને અન્ય વિસ્તારો જળબંબાકાર થઈ જતાં વાહન ચાલકોને તકલીફ પડી હતી. વરસાદથી કપાસ, મગફળી, તલ અને ઉભેલા અન્ય પાકોને મોટું નુકસાન થયું હતું. દિવાળીના તહેવાર આડે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે અને ખેતરમાં મોલ તૈયાર થઈ ગયો છે તેવા સમયે જ વરસાદ થતાં ઓણ સાલ ખેડૂતોની દિવાળી બગડી છે.



# ધારીના પાતળા ગામે ઠપકો આપતાં પુરુષને માથામાં કુહાડીનો ઘા માર્યો

ધારી, તા.૨૨

ધારીના પાતળા ગામે રહેતા એક પુરુષે તેના ગામના પુરુષને ઠપકો આપ્યો હતો. જેના મનદુઃખમાં તેને જેમ ફાવે તેમ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે વિનુભાઈ ખીમાભાઈ મકવાણા (ઉ.વ.૪૫)એ ભનુભાઈ દેવાભાઈ ગોહીલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેના પત્ની ભાવનાબેનને થોડા દિવસ પહેલા ઘરની બહાર આવવાનું કહ્યું હોવાની વાત સાહેદે તેમને કરી હતી. તેમજ તેમના ઘર ઉપર કાંકરાના ઘા કર્યા હતા. આ બાબતે આરોપી તેમની ભેંસો લઈ તેમના ઘરની સામે રસ્તા પરથી નીકળ્યા ત્યારે ઠપકો આપતા સારૂ નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત કુહાડીનો એક ઘા માથાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટા બારમણ ગામે જાહેરમાં મહિલાને પછાડી ગાળો આપી

**સમાધાન નહીં કરો તો મારી નાખીશ તેવી ધમકી પણ આપી**

ખાંભા, તા.૨૨

ખાંભાના મોટા બારમણ ગામે રહેતી એક મહિલાને સામસામી ફરિયાદના મનદુઃખમાં સમાધાન કરવાનું કહી જાહેરમાં બ્લાઉઝ ફાડી, સાડી ખેંચીને પછાડીને ગાળો આપી હતી. બનાવ અંગે પ્રભાબેન મુકેશભાઈ પરમાર (ઉ.વ.૪૫)એ દેવશીભાઈ કાનાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમને તથા આરોપીને અગાઉ માથાકૂટ થઈ હતી. જે બાબતે સામસામી ફરિયાદ થઈ હતી. તેઓ તથા તેના દેરાણી રસીલાબેન તેમજ તેમની દીકરી શિવ શામળીયા સ્કૂલની સામે નદીના પુલે કપડા ધોવા માટે જતા હતા ત્યાં આરોપી તેનું બુલેટ લઈ આ અગાઉના ક્રોસ ગુનામાં સમાધાન માટે દબાણ કરી, જાહેરમાં જેમ-ફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો. જેથી તેમણે ગાળો દેવાની ના પાડતા આરોપીએ બ્લાઉઝ ફાડી તથા સાડી ખેંચી પછાડી દઈને સમાધાન નહીં કરો તો તમોને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. પ્રો.એએસઆઈ આર.એસ. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાનીનો સર્વે કરી વળતર આપવા માંગ

**જિલ્લા કોંગ્રેસ ચેરમેન સત્યમ મકાણીએ રજૂઆત કરી**

અમરેલી, તા.૨૨



અમરેલી જિલ્લાના વાતાવરણમાં છેલ્લા થોડા દિવસોથી પલટો આવ્યો છે અને કમોસમી વરસાદ ખાબકી રહ્યો છે. કમોસમી વરસાદથી ખેડૂતોના ખેતરમાં તૈયાર થઈ ગયેલા કપાસ, મગફળી, તલ, સોયાબીનના સહિતના પાકનો સોથ વળી ગયો છે. ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવાઈ જતાં તેઓ લાચાર બન્યા છે. અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી વરસી રહેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાનીનો તાત્કાલિક સર્વે કરી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત સહાય આપવા અમરેલી જિલ્લા કિસાન કોંગ્રેસના ચેરમેન સત્યમ મકાણીએ માંગ કરી છે.

# નેસડી-૧ ગામે ફોરેસ્ટ ગાર્ડ પર જીવલેણ હુમલો કરી જાનથી મારવાની ધમકી આપી

**ઓવરટેક કરનારને ગાડી સરખી ચલાવવાનું કહેતા મામલો બીચક્યો**

રાજુલા, તા.૨૨

રાજુલાના દાતરડી ગામે રહેતી અને ફોરેસ્ટ ગાર્ડ તરીકે નોકરી કરતી એક યુવતીને નેસડી-૧ ગામના યુવકે ફરજમાં રૂકાવટ કરી, જાનથી મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કર્યો હતો. બનાવ સંદર્ભે આશાબેન રાણાભાઈ ચુડાસમા (ઉ.વ.૨૮)એ નેસડી-૧ ગામના નનાભાઈ કાળાભાઈ લાખણોત્રા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમની સરકારી બાઈક લઈને પોતાની કાયદેસરની ફરજ બજાવવા જતા હતા ત્યારે ફરિયાદીએ બે-ત્રણ વાર ઓવરટેક કરી રોડ વચ્ચે ગાડી ચલાવી હતી. જેથી તેમણે ગાડી સરખી ચલાવવાનું કહેતા સારૂ નહોતું લાગ્યું અને કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હુમલો કર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાના ઈરાદે લોખંડના પાઈપ વડે માથામાં ઘા માર્યો હતો, તેમજ શરીરે ફેક્ચરની ઈજા કરીને ગાળો આપી હતી. જે બાદ નનાભાઈ કાળાભાઈ લાખણોત્રા (ઉ.વ.૪૬)એ આશાબેન ચુડાસમા સામે પણ જેમ ફાવે તેમ ગાળો આપી, લોખંડના પાઈપથી માર માર્યાની ફરિયાદ નોંધાવી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. એચ. રતન બંને કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના ખાનપર ગામેથી પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે જુગારીઓ પાસેથી રોકડા ૧૦૬૦૦નો મુદ્દામાલ ઝડપ્યો**

બાબરા, તા.૨૨

બાબરાના ખાનપર ગામેથી પોલીસે પાંચ જુગારીઓને રોકડા ૧૦,૬૦૦ સાથે ઝડપીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. વસંતભાઈ સોમાભાઈ વાઘેલા, પ્રતાપભાઈ લાભશંકરભાઈ જોષી, જગાભાઈ મોહનભાઈ દેશાણી, તેજાભાઈ તળશીભાઈ સીંસા તથા મનસુખભાઈ ચનાભાઈ પરમાર જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા ૧૦,૬૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.પી. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૫૯૧ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૫૯૩ | ૬૨૨ |
| જુવાર સફેદ | ૫૫૦ | ૭૪૦ |
| જુવાર લાલ | ૫૫૦ | ૮૮૬ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૮૪ |
| બાજરી | ૩૭૧ | ૪૯૦ |
| તુવેર | ૧૩૮૦ | ૧૯૫૮ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૪૨૫ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૮૫૦ |
| અડદ | ૧૩૭૦ | ૧૭૧૮ |
| મગ | ૧૨૪૦ | ૧૫૮૦ |
| વાલ દેશી | ૧૨૫૦ | ૧૮૦૦ |
| ચોળી | ૨૩૦૦ | ૨૭૫૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૩૮૧ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૧૦ |
| મગફળી જીણી | ૧૦૧૦ | ૧૩૧૫ |
| અળશી | ૯૭૫ | ૯૭૫ |
| તલી | ૨૦૨૧ | ૨૫૯૪ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૬૪ |
| સુવા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| સોયાબીન | ૭૬૦ | ૮૮૫ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૭૭૫ |
| લસણ | ૩૯૦૦ | ૫૩૫૦ |
| ધાણા | ૧૧૫૧ | ૧૪૬૦ |
| ધાણી | ૧૩૩૦ | ૧૪૮૦ |
| વરીયાળી | ૧૦૫૫ | ૧૫૦૦ |
| જીરૂ | ૪૩૯૦ | ૪૭૭૫ |
| રાય | ૧૧૧૦ | ૧૩૫૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૮૦ |
| રાયડો | ૧૦૨૦ | ૧૧૩૬ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૫૧૩૫ |
| ગુવારનું બી | ૧૦૩૧ | ૧૦૩૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૧૩૦ | ૨૩૫૦ |
| બટેટા | ૩૦૦ | ૬૯૦ |
| ડુંગળી સુકી | ૨૩૦ | ૯૦૦ |
| ટમેટા | ૮૫૦ | ૧૦૫૦ |
| સુરણ | ૯૫૦ | ૧૧૨૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૭૫૦ |
| મુળા | ૨૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૫૦ |
| ફ્લાવર | ૮૫૦ | ૧૩૦૦ |
| ભીંડો | ૨૮૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૧૫૦ | ૧૪૫૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૧૧૫૦ |
| દુધી | ૩૦૦ | ૬૦૦ |
| કારેલા | ૫૫૦ | ૮૨૦ |
| સરગવો | ૮૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૧૫૦ |
| પરવર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કાકડી | ૩૮૦ | ૬૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૫૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૮૦ | ૪૫૦ |
| મેથી | ૩૫૦ | ૮૫૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૪૦૦ |
| આદુ | ૮૫૦ | ૧૪૫૦ |
| મરચા લીલા | ૫૮૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૬૫૦ | ૧૨૫૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૮૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૭૦ | ૧૬૯૦ |
| શિંગ મઠડી | ૭૪૦ | ૧૧૩૨ |
| શિંગ મોટી | ૭૪૧ | ૧૧૯૨ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૮૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૯૮૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૮૪૧ |
| બાજરો | ૩૭૦ | ૪૩૪ |
| જુવાર | ૭૦૫ | ૮૮૬ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૫૩ |
| ઘઉં લોકવન | ૫૩૬ | ૬૨૩ |
| મગ | ૭૯૦ | ૧૭૩૧ |
| અડદ | ૭૯૦ | ૧૫૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૫૧૫ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૪ |
| તુવેર | ૧૩૪૦ | ૧૭૧૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૪૭ |
| જીરું | ૨૯૫૦ | ૪૬૪૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૬૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૨૮ |
| રજકાનું બી | ૪૯૬૦ | ૫૧૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૩૦ | ૫૫૦ |
| રીંગણાં | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૮૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ગાજર | ૭૦૦ | ૮૦૦ |
| દૂધી | ૪૦૦ | ૬૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૫૦ | ૩૫૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૯૦૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૧૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| શીંગ ઓળા | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૪૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૫૦ | ૧૦૫૫ |
| શીંગ મોટી | ૮૨૦ | ૧૧૯૨ |
| તલ સફેદ | ૨૦૨૦ | ૨૩૦૧ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૫૫૫ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૬૬૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૫૫૬ | ૭૨૬ |
| બાજરો | ૩૪૮ | ૫૨૦ |
| જુવાર | ૪૭૪ | ૬૨૫ |
| અડદ | ૧૧૨૫ | ૧૫૭૦ |
| રાય | ૧૧૯૧ | - |
| સોયાબીન | ૬૮૧ | ૮૪૨ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૯ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૨ |
| મગ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૧૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| મગફળી | ૫૦૦ | ૯૯૧ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૦૩૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૩૨૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૪૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| **લીલીયામોટા** | | |
| કપાસ | ૧૦૯૯ | ૧૫૬૩ |
| કપાસ સી ગ્રેડ | ૪૫૦ | ૧૦૦૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૬૫૦ |
| કપાસ કોડી | ૧૦૫૦ | ૧૨૮૦ |
| મગફળી નવી | ૯૩૦ | ૧૧૬૦ |
| મગ | ૧૨૮૦ | ૧૫૪૦ |
| અડદ | ૧૨૬૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૩૯૭૦ | ૪૫૮૦ |
| ઘઉં | ૪૮૬ | ૬૪૪ |
| તલ કાળા | ૨૭૬૦ | ૩૫૭૦ |
| તલ સફેદ | ૨૦૨૫ | ૨૪૯૦ |
| સોયાબીન | ૭૫૮ | ૮૦૨ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૬૨૬ |
| ઘઉં લોકવન | ૪૭૧ | ૬૬૮ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૦૦ |
| સિંગદાણા જાડા | ૬૨૧ | ૧૨૦૦ |
| સિંગ | ૯૦૧ | ૧૯૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૯૧ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૭૦૧ | ૫૫૦૧ |
| ધાણા | ૯૦૦ | ૧૫૬૧ |
| લસણ | ૧૯૯૧ | ૫૨૭૧ |
| ડુંગળી લાલ | ૩૦૧ | ૮૪૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૬૬૧ |
| તુવેર | ૧૨૧૧ | ૧૮૫૧ |
| રાય | ૧૨૦૧ | ૧૨૦૧ |
| મેથી | ૧૦૦૧ | ૧૦૫૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૮૬ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૬૮૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૪૧ |
| બાજરો | ૪૩૧ | ૪૫૧ |
| જુવાર | ૩૪૧ | ૫૫૧ |
| મકાઇ | ૪૬૧ | ૫૫૧ |
| મગ | ૪૦૦ | ૪૦૧ |
| વાલ | ૫૧૧ | ૧૬૫૧ |
| ચોળા / ચોળી | ૨૯૫૧ | ૨૯૫૧ |
| સોયાબીન | ૬૦૧ | ૯૩૧ |
| ગોગળી | ૬૨૬ | ૯૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૨૨૬ | ૧૫૦૭ |
| સોયાબીન | ૭૨૬ | ૭૧૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| બાજરો | ૫૨૬ | ૫૨૬ |
| **ધારી** | | |
| કપાસ | ૮૭૦ | ૧૪૦૦ |
| મગફળી | ૭૦૦ | ૯૮૦ |
| ઘઉં | ૫૫૫ | ૫૫૫ |
| ચણા | ૧૧૫૦ | ૧૩૭૬ |
| અડદ | ૮૭૦ | ૧૪૨૧ |
| સોયાબીન | ૬૦૭ | ૭૮૦ |
| શીંગ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| **રાજુલા** | | |
| મગફળી | ૮૨૬ | ૮૨૬ |
| તલ સફેદ | ૨૦૦૩ | ૨૫૨૬ |
| બાજરો | ૪૪૦ | ૬૦૦ |
| ઘઉ ટુકડા | ૫૪૮ | ૬૯૦ |
| મગ | ૧૪૧૪ | ૧૪૧૪ |
| જુવાર | ૪૮૦ | ૭૫૫ |
| અડદ | ૧૦૫૧ | ૧૮૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૬૬૬ | ૭૯૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૧૭ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૨૧ |
| જુવાર | ૪૦૦ | ૬૪૦ |
| ચણા | ૧૨૬૨ | ૧૨૬૨ |
| એરંડી | ૯૩૫ | ૯૩૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૧૨૫ | ૧૧૫૫ |
| સોયાબીન | ૫૩૫ | ૭૪૦ |
| મગફળી | ૬૦૭ | ૮૯૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૭૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૫૦ | ૧૧૨૬ |
| મગફળી ૩૨ નં. | ૮૦૦ | ૧૦૦૧ |
| બાજરી | ૪૯૨ | ૫૬૬ |
| ઘઉં | ૪૮૦ | ૬૪૫ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૧૨ |
| સોયાબીન | ૬૨૫ | ૮૫૫ |
| ડાંગર | ૬૨૫ | ૭૮૬ |
| અડદ | ૯૦૦ | ૧૫૧૦ |
| મગ | ૯૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૮૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૩૯ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૨૦૦ | ૧૭૨૧ |
| શીંગ ૩૯ | ૭૭૭ | ૧૧૯૬ |
| શીંગ ટી.જે | ૮૪૦ | ૧૦૪૪ |
| શીંગ જી-૨૦ | ૯૦૧ | ૧૧૮૬ |
| એરંડા | ૧૦૮૭ | ૧૦૮૭ |
| જુવાર | ૪૩૦ | ૯૩૬ |
| બાજરી | ૪૫૬ | ૫૮૫ |
| ઘંઉ ટુકડા | ૩૬૫ | ૬૬૬ |
| મકાઈ | ૩૭૯ | ૪૪૨ |
| અડદ | ૧૦૩૦ | ૧૫૭૧ |
| મગ | ૧૧૫૪ | ૧૪૧૦ |
| મેથી | ૬૦૦ | ૯૫૧ |
| સોયાબીન | ૫૦૦ | ૮૪૯ |
| ચણા | ૧૧૮૨ | ૧૩૩૬ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૨૧૩૨ |
| ડુંગળી લાલ | ૧૦૯ | ૭૫૬ |
| ડુંગળી સફેદ | ૨૧૫ | ૧૧૦૦ |
| કપાસ | ૫૦૦ | ૧૪૦૦ |
| નાળીયેર | ૫૯૯ | ૨૭૪૩ |
| **જામનગર** | | |
| કપાસ | ૮૦૦ | ૧૬૪૦ |
| જુવાર | ૪૮૦ | ૫૫૫ |
| બાજરો | ૩૮૦ | ૫૩૦ |
| ઘઉં | ૪૫૦ | ૬૨૪ |
| મગ | ૧૧૨૦ | ૧૨૯૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૮૦ |
| ચણા | ૯૦૫ | ૧૩૭૫ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૯૩૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૮૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૮ |
| તલ | ૧૮૦૦ | ૨૨૯૦ |
| રાયડો | ૯૫૧ | ૧૧૩૬ |
| લસણ | ૨૨૨૫ | ૪૭૦૫ |
| અજમો | ૨૫૨૫ | ૩૩૧૫ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૧૦૦૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૦ |
| રાય | ૧૦૦૦ | ૧૩૧૨ |



06
લાગે તો તીર : - નાના માણસો પાહે એક હજાર હોય ક્યાંથી ?

# સરદાર પટેલ આખરે કોના ?



સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી પાછી આવી ગઈ અને ફરી એ જ સવાલ આવીને ઉભો રહી ગયો છે કે, આ દેશમાં ફરી સરદાર જેવા બીજા નેતા કેમ પેદા ના થયા ?

સરદાર ભડ માણસ હતા. દેશના કાજે ખરાબ માણસોને દૂર કરવા ને મોટાં બલિદાન આપવાની તાકાત આ દેશમાં બીજો કોઈ નેતા નથી બતાવી શક્યો. સરદાર પાસે દંભ નહોતો ને તેમને કોઈનો ડર નહોતો. સરદાર સત્તાલાલસામાં લિપ્ત નહોતા. સરદાર સાચા અર્થમાં રાજપુરૂષ હતા ને કોઈ જ્ઞાતિવાદ કે ધર્મના કે બીજા કોઈ પણ સંકુચિત ચોકઠામાં ના બંધાયા. સરદાર પાટીદાર હોવા છતાં કદી તેમણે પાટીદારોનું ભલુ કરવા આ કરવું ને તે કરવું એવી સંકુચિત માનસિકતા બતાવી જ નહીં કેમ કે સરદાર કદી એ રીતે વિચારી જ નહોતા શકતા. સમાજનું વિભાજન કરીને પોતાની સત્તાલાલસા સંતોષવામાં તેમને રસ જ નહોતો. સરદાર માટે માત્ર ને માત્ર રાષ્ટ્રહિત સર્વોપરી હતું ને તેના સિવાય બીજા કશામાં તેમને રસ નહોતો.

સરદાર આ કારણે અનન્ય હતા અને રહેશે.

■■■

સરદાર આખરે કોના ?

ભાજપ ને કોંગ્રેસ બેઉ વચ્ચે સરદારને પોતાના ગણાવીને તેમના નામે ચરી ખાવાની હોડ લાંબા સમયથી ચાલે છે પણ આ હોડ હાસ્યાસ્પદ છે. તેનું કારણ એ કે, સરદાર વલ્લભભાઈ કોઈ ઓળખાણના મોહતાજ નથી ને તેમણે આ દેશ માટે જે કંઈ કર્યું એટલું કોઈ નેતા તેના સો જનમમાં પણ ના કરી શકે. સરદાર રાજકારણથી પર હતા ને કોઈ રાજકીય પક્ષના સિક્કાની તેમને જરૂર નહોતી. મોટા ભાગનાં લોકોને તો સરદાર પટેલ પણ કોંગ્રેસી હતા એ યાદ દેવડાવવું પડે છે કેમ કે સાવ નગુણા કોંગ્રેસીઓએ સરદાર પટેલને સાવ ભૂલાવી જ દીધેલા ને તેમનું અસ્તિત્વ જ ના હોય એ રીતે કોંગ્રેસ વરસો લગી વર્તતી રહી.

અચાનક કોંગ્રેસને સરદાર પટેલ યાદ આવી ગયા કેમ કે નરેન્દ્ર મોદી છેલ્લાં કેટલાંય વરસોથી સરદાર પટેલની વાત કરવા માંડ્યા છે. મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે સરદારનું નામ લેવા માંડેલું ને કોંગ્રેસીઓના પેટમાં તેલ રેડાયું હતું . મોદી સરદારના નામે દિલ્હીની ગાદી કબજે કરી ના જાય એટલે સરદારને હાઈજેક કરવાના ઉધામા કોંગ્રેસે શરૂ કરી દીધા હતા. એ વખતે વડાપ્રધાનપદે મનમોહનસિંહ હતા ને મનમોહનસિંહે અમદાવાદમાં સરદાર સ્મારકના ઉદ્‌ઘાટન વખતે કહેલું કે સરદાર વલ્લભભાઈ પટેલ કોંગ્રેસના હતા એ વાતનો તેમને ગર્વ છે. એ પછી બીજા બધા પણ આ જ વાત પર મચી પડ્યા.

સરદાર કોંગ્રેસી હતા ને સેક્યુલર હતા તેવું કોરસ શરૂ થયું.

સરદાર સેક્યુલર હતા કે મહાન નેતા હતા એ અંગે કોઈના સર્ટિફિકેટની જરૂર નથી. કોંગ્રેસીઓ સર્ટિફિકેટ આપશે તો જ સરદાર સેક્યુલર નથી ગણાવાના પણ કોંગ્રેસીઓ ગરજના માર્યા સરદારને વખાણવા મચી પડેલા. સરદાર બીજું શું શું હતા એ પણ કોંગ્રેસીઓને અચાનક યાદ આવી ગયું ને ત્યારથી તેમની તારીફમાં કસિદા પઢતાં કોંગ્રેસીઓની જીભ સૂકાતી નથી. મનમોહનસિંહે શરૂઆત કરી ને પછી તો કોંગ્રેસના બધા નેતા સરદારને યાદ કરી કરીને મગરનાં આંસુ વહાવી રહ્યા છે.

■■■

સરદાર પટેલ ચોક્કસપણે કોંગ્રેસના જ નેતા હતા પણ એ કોંગ્રેસ અલગ હતી.

નહેરૂ-ગાંધી ખાનદાનની ચાપલૂસી કરનારા ને તેમના તળીયા ચાટનારા નેતાઓની કોંગ્રેસ નહોતી. એ વખતે કોંગ્રેસ દેશની આઝાદી માટે લડનારી કોંગ્રેસ હતી ને તેમાં જે નેતાઓ હતા એ બધા અંગ્રેજોને આ દેશમાંથી ભગાડવાના એકમાત્ર ઉદ્દેશથી એકઠા થયેલા હતા. દેશને આઝાદી મળી ને એ પછી કોંગ્રેસ નહેરૂ-ગાંધી ખાનદાનની બાપીકી પેઢી બનીને રહી ગઈ પણ સરદાર પટેલ હતા ત્યાં લગી એ શક્ય ના બન્યું. નહેરૂએ કોંગ્રેસમાં પોતાના ચમચા અને ખુશામતખોરોને મોટા કર્યા, સરદાર પટેલે મરદ માણસોને મોટા કર્યા હતા ને તેમને હોદ્દા અપાવેલા.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

સરદાર ભડ માણસોના સરદાર હતા તેનો પુરાવો સોમનાથ મંદિરના શિલાન્યાસની ઘટના છે. સરદાર પટેલે સોમનાથ મંદિરનો જીર્ણોધ્ધારનો તખ્તો તૈયાર કરેલો. જવાહરલાલ નહેરૂ એ વખતે સેક્યુલારિઝમનું પિપૂડું વગાડતા હતા ને સરકારે આ બધા કામો ના કરવાં જાઈએ તેવું કહ્યા કરતા હતા છતાં સરદારે ધરાર એ કામ હાથ પર લેવડાવેલું. સરદાર એ કામ પૂરૂં થાય એ પહેલાં જ સ્વર્ગવાસી થયા પછી કનૈયાલાલ મુનશીએ એ કામ આગળ ધપાવ્યું. જવાહરલાલ નહેરૂ નારાજ હતા છતાં મુનશી ડગ્યા નહીં ને મરદની જેમ તેમણે એ કામ આગળ ધપાવ્યું.

મુનશીએ ૧૯૫૧માં મંદિરના શિલાન્યાસ વખતે રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદને નિમંત્રણ આપ્યું. એક હિન્દુ મંદિરના શિલાન્યાસ માટે રાષ્ટ્રપતિ જશે તો મુસ્લિમો નારાજ થઈ જશે ને આપણું સેક્યુલારિઝમ અભડાઈ જશે તેવી માન્યતા ધરાવતા નહેરૂએ ડો. પ્રસાદને સોમનાથ આવવાની ના પાડેલી પણ ડો. પ્રસાદે નહેરૂની વાતને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખી ને ધરાર સોમનાથ આવ્યા. એ એકલા જ પાછા સોમનાથ આવેલા એવું નથી, નહેરૂ કેબિનેટના બીજા પ્રધાનોને પણ લેતા આવેલા. નહેરૂએ જે ભડાકા કરવા હોય એ કરી લે ને જે તોડવું હોય એ તોડી લે. એક બે ને સાડા ત્રણ. રાજેન્દ્ર પ્રસાદ ને મુનશી જેવા લોકો આવી તાકાત બતાવી શક્યા કેમ કે એ સરદાર જેવા મરદ માણસની સાથે રહેલા.

સરદારમાં એ તાકાત હતી કે એ નહેરૂને પણ ભૂ પીતા કરી શકે ને તેમનો પરચો તેમણે ૧૯૫૦ની કોંગ્રેસ પ્રમુખની ચૂંટણીમાં આપેલો. જવાહરલાલ નહેરૂ કોંગ્રેસના પ્રમુખપદે આચાર્ય જીવતરામ કૃપલાનીને ઈચ્છતા હતા. સરદાર પટેલે તેમની સામે પુરૂષોત્તમદાસ ટંડનને ઉભા રાખેલા ને કોંગ્રેસીઓએ ટંડનની તરફેણ કરી તેમને પ્રમુખ બનાવેલા. નહેરૂ જોતા જ રહી ગયેલા ને ટંડન જીતી ગયા.

સરદાર જેવી હિંમત આજે કોઈ નેતામાં નથી.

■■■

સરદાર કોંગ્રેસી છે એ વાત વરસો સુધી કોંગ્રેસને યાદ નહોતી. કોંગ્રેસે સરદારને અન્યાય જ કર્યો છે. નહેરૂ-ગાંધી ખાનદાનની ભાટાઈ કરનારા સાવ લલ્લુઓને કોંગ્રેસ મોટા ભા કરીને પૂજતી રહી પણ સરદાર યાદ નહોતા આવતા. ભારતરત્ન જેવા સર્વોચ્ચ નાગરિક સન્માન માટે પણ કોંગ્રેસની સરકારોને સરદાર યાદ ન આવ્યા. સાવ અલેલટપ્પુ કહેવાય એવા લોકોને કોંગ્રેસની સરકારોએ ભારતરત્ન આપી દીધા પણ સરદાર યાદ નહોતા આવ્યા. એવા એવા લોકોને તેમણે ભારતરત્ન બનાવી દીધા કે જેમનાં નામ આજે સાંભળીએ તો પણ એ કોણ હતા તે જાણવા વિકિપિડીયા જોવો પડે પણ સરદાર જેવા મહાન માણસને એ લોકો યાદ સુધ્ધાં નહોતા કરતા.

■■■

સરદારને લોકોના માનસમાં ફરી જિવિત નરેન્દ્ર મોદીએ કર્યા.

ભાજપ સરદાર પટેલના નામે જૂઠાણાં ચલાવે છે ને ઠોકાઠોક કરે છે એ હકીકત છે પણ એ છતાંય ભાજપ અને મોદીના કારણે સરદાર પટેલનું નામ ગાજતું થયું એ વાસ્તવિકતા છે. ભાજપે એવું મોટું જૂઠાણું ચલાવેલું કે, કોંગ્રેસે ૪૦ વર્ષ સુધી સરદાર પટેલને ભારતરત્ન નહોતો આપ્યો ને કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકાર આવી પછી સરદાર પટેલને 'ભારતરત્ન' આપ્યો હતો. સરદાર પટેલને 'ભારતરત્ન' વાજપેયીની સરકારે નહોતો આપ્યો પણ ચંદ્રશેખરની સરકારે ૧૯૯૧માં આપ્યો હતો.

ભાજપે બીજું મોટું જૂઠાણું એ ચલાવ્યું કે, કોંગ્રેસે ૪૦ વર્ષ સુધી શાસન કર્યું પણ સરદાર પટેલનું પોર્ટ્રેઈટ (તૈલચિત્ર) સંસદમાં નહોતું મૂક્યું. સરદાર પટેલના (તૈલચિત્રનું અનાવરણ સંસદ ભવનનાં સેન્ટ્રલ હોલમાં ૨૩ એપ્રિલ, ૧૯૫૮ના રોજ ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ દ્વારા અનાવરણ કરવામાં આવ્યું હતું. એ વખતે નહેરૂ વડાપ્રધાન હતા. આ પોર્ટ્રેઈટ ૭' ૩'' x ૪' ૩'' સાઈઝનું છે. જેના દાતા ગ્વાલિયરના મહારાજા હતા. આ પોર્ટ્રેઈટ એન.એસ. શુભક્રિષ્ના નામના આર્ટિસ્ટે બનાવ્યું હતું.

આ જૂઠાણાં પછીય ભાજપને એ વાતનો યશ આપવો પડે કે, સરદારનું નામ ભાજપે ફરી રમતું કર્યું. બાકી કોંગ્રેસે તો તેમનું નામોનિશાન ભૂંસાવી દેવા બનતું બધું જ કરેલું. કોંગ્રેસને પણ સરદાર પટેલનું નામ લેતી ભાજપે જ કરી ને સરદાર પટેલનાં કામો વિશે લોકોમાં સભાનતા પણ ભાજપ જ લાવ્યો. ભાજપને સરદાર સાથે કોઈ સીધો સંબંધ નહોતો. ભાજપનો પૂર્વાવતાર જનસંઘ પણ સરદારના નિધન પછી ૧૯૫૧માં અસ્તિત્વમાં આવ્યો. આ રીતે સરદાર સાથે ભાજપને સીધો કોઈ સંબંધ નથી પણ પોતાના સ્વાર્થ ખાતર પણ ભાજપે સરદાર જેના હકદાર હતા તે સન્માન આપવા માંડ્યું એ મોટી વાત છે. આ સંજોગોમાં ભાજપને સરદારનું નામ લેવાનો પૂરો હક છે પણ તેના કારણે સરદાર ભાજપના નથી થઈ જતા એ પણ હકીકત છે.

■ sanjogpurti@gmail.com

# જંજીર (૧૯૭૩)




અમિતાભ બચ્ચનની સૌ પ્રથમ બ્લોકબસ્ટર કહી શકાય તેવી અને તેની કરિયરને સુપરસ્ટાર પદ તરફ લઈ જનારી ૧૯૭૩માં આવેલી ફિલ્મ જંજીરની કથા કંઈક આવી છે.

દિવાળી પર, વિજય ખન્ના (અમિતાભ બચ્ચન) જંજીર પર સફેદ ઘોડા સાથે અજાણ્યા વ્યક્તિ દ્વારા કરાયેલ તેના માતાપિતાની હત્યાનો સાક્ષી છે. આ આઘાતજનક ઘટનાને લીધે, વિજયને એક સફેદ ઘોડીના વારંવાર દુઃસ્વપ્નો આવે છે. એક બાળક તરીકે પણ, વિજય સામાજિક રીતે અન્ય બાળકોથી અલગ રહે છે અને પોતાને એકલો માને છે. ૨૦ વર્ષ પછી, વિજય એવા નગરમાં ઈન્સ્પેક્ટર બન્યો છે જ્યાં બહુ ઓછા લોકો પ્રમાણિક છે. વિજયને શેરખાન (પ્રાણ) નામના સ્થાનિક વ્યક્તિ વિશે ફરિયાદો મળે છે, જે જુગારનો અડ્ડો ચલાવે છે. જ્યારે વિજય ખાનને પૂછપરછ માટે બોલાવે છે, ત્યારે ખાનનું સુપિરિઓરિટી કોમ્પ્લેક્સ વિજયની પોલીસ સત્તા સામે ગભરાય છે કારણ કે તે અધિકારીને ઠપકો આપે છે.વિજય તેને પડકારે છે, અને તેની સાથે લડવા માટે સાદા કપડાંમાં તેને મળે છે. લડાઈ પછી, શેરખાને માત્ર તેના જુગારના અડ્ડા બંધ કર્યા નથી, પરંતુ વિજય માટે આદર મેળવ્યો છે. શેરખાન ઓટો મિકેનિક બની જાય છે અને તેની રીત સુધારે છે. ક્રાઈમ સિન્ડિકેટના વિવિધ વ્યવહારો આખા શહેરમાં અવિરતપણે ચાલુ રહે છે, જે તેજા (અજિત ખાન) નામના ક્રાઈમ બોસને શોધી કાઢે છે. એક રહસ્યમય કોલર વિજયને સતત ફોન કરે છે કે ક્યારે ગુનો થવાનો છે તેની ચોક્કસ માહિતી આપવા માટે, પરંતુ વિજય તેની પાસેથી વધુ માહિતી મેળવી શકે તે પહેલાં અટકી જાય છે. જ્યારે ગેંગના સભ્યો દ્વારા આચરવામાં આવેલ ટ્રાફિક અકસ્માતમાં ઘણા બાળકો મૃત્યુ પામે છે, ત્યારે માલા (જયા ભાદુરી) નામની શેરી કલાકાર સાક્ષી બને છે જ્યાં તેને તેજાના માણસો દ્વારા ચૂપ રહેવા માટે લાંચ આપવામાં આવે છે.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

વિજય દ્વારા માલાને પૂછપરછ કરવામાં આવે છે, જે તેના પર ગુસ્સે થાય છે અને તેણીને અલગ રીતે પ્રભાવિત કરવા માટે, તેને બાળકોના લંગરાયેલા મૃતદેહો જોવા માટે શબઘરમાં લઈ જાય છે. માલા ટ્રાફિક અકસ્માત પાછળના માણસને ઓળખે છે. તેજાના માણસો રાતભર તેનો પીછો કરે છે. માલા વિજયના ઘરે પહોંચે છે, આશ્રય માટે કહે છે અને વિજય તેને રહેવા દે છે. બંનેને ખબર પડે છે કે તેઓ અનાથ છે અને એકલા રહેવા સાથે સંકળાયેલા ડરની ચર્ચા કરે છે. વિજય તેને તેના ભાઈ અને ભાભી પાસે લઈ જાય છે. ભાભીના શિક્ષણ હેઠળ, માલા ઘરને કેવી રીતે સ્વચ્છ રાખવું તે શીખવા માંડે છે તેમજ અંગ્રેજી શીખે છે.આખરે, તેજા વિજયને લાંચ માટે ફસાવે છે, જે પાછળથી ખોટા આરોપમાં ૬ મહિનાની જેલમાં જાય છે. જેલમાંથી છૂટ્યા પછી, વિજય ચોક્કસ બદલો લેવાની યોજના ધરાવે છે, પરંતુ વિજય માટે લાગણીઓ વિકસાવનાર માલા તેને આટલું વેર વાળવાનું બંધ કરવા વિનંતી કરે છે. વિજય અનિચ્છાએ સંમત થાય છે, પરંતુ ક્રિશ્ચિયન કબ્રસ્તાનમાં, વિજય એ બાતમીદારનો સામનો કરે છે જેણે તેને ભૂતકાળમાં જ્યારે તે ઈન્સ્પેક્ટર હતો ત્યારે ફોન કર્યો હતો. ડી સિલ્વા નામનો બાતમીદાર ખાલી બોટલ પકડીને અડધો પાગલ દેખાય છે. ડી સિલ્વા જણાવે છે કે ઘણા વર્ષો પહેલા ક્રિસમસ પર, તેમના ત્રણ પુત્રોએ ઝેરી મૂનશાઈન પીધું અને તે મૃત્યુ પામ્યા.આ સમાચાર સાંભળીને વિજય ઉદાસ થઈ જાય છે. વિજયને ઉત્સાહિત કરવા માટે શેરખાન દ્વારા સંકલિત પ્રયાસો સાથે, માલા નિશ્ચિંત થાય છે અને પ્રતિજ્ઞા લે છે કે તેણી તેને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરશે નહીં અને તેને જે યોગ્ય છે તે કરવા કહે છે. દૂષિત મૂનશાઈનનું પગેરું તેજા અને તેના માણસો તરફ પાછું દોરી જાય છે. આખરે દિવાળી પર તેજાને કોર્નરિંગ કરીને, ફટાકડા ફોડતા, વિજયને એ પણ જાણવા મળ્યું કે જે વ્યક્તિએ તેના માતા-પિતાની હત્યા કરી છે તે તેજા છે કારણ કે વિજયે તેના કાંડા પરના ઝંજીરને ઓળખી કાઢ્યો હતો. શેરખાન તેને તેજા અને તેના માણસો સામે લડવામાં મદદ કરે છે, જ્યાં પોલીસ આવે ત્યાં સુધી વિજય પોતાના હાથમાં ન્યાય લે છે. જ્યારે તેજા દ્વારા ઈન્સ્પેક્ટરને બંદૂકની અણી પર પકડવામાં આવે છે, ત્યારે વિજય જમીન પરથી નીચે પડેલી પિસ્તોલ મેળવવામાં સફળ થાય છે અને તેજાને ગોળી મારી દે છે, જે સ્વિમિંગ પુલમાં મૃત્યુ પામે છે. ફિલ્મ વિશેની વધુ કેટલીક વાતો હવે પછી.■

naranbaraiya277@gmail.com

# વિદ્યાર્થી જીવન અને પરીક્ષામાં સફળતા



વિદ્યાર્થી જીવનએ શિક્ષણની યાત્રાનો મહત્વપૂર્ણ હિસ્સો છે, જે વ્યક્તિગત વિકાસ અને જીવનના મૂલ્યોને શીખવા માટેનો શ્રેષ્ઠ સમયગાળો છે. આ સમયગાળા દરમિયાન પરીક્ષાઓનું મહત્વ જુદું જ હોય છે, કારણ કે તે વિદ્યાર્થીના જ્ઞાન, સમજણ અને શિસ્તની કસોટી લે છે. ચાલો, વિદ્યાર્થી જીવન અને પરીક્ષાઓ વિશે ઊંડાણપૂર્વક સમજીએ. નિષ્ફળતા પણ નવી તક લાવે છે, હિંમતથી આગળ વધવું જ જીવનનું તત્વ છે. શાંત રીતે પરીક્ષાના માહોલને સારી રીતે ટેકલ કરવું તે જ જીવન છે. આપત્તિઓ સમયે અવસર ઉભો કરવો તે દરેક વ્યક્તિની ફરજ છે.

વિદ્યાર્થી જીવનના મહત્વપૂર્ણ પાસાઓ.

૧. શિક્ષણ અને જ્ઞાન શાળાઓ અને કોલેજોમાં શીખવું વ્યક્તિને આકર્ષક ભવિષ્ય માટે તૈયાર કરે છે.

૨. શિસ્ત અને સમયનું પ્રબંધનઃ સમયસર જાગવું, ભણવું અને ગતિશીલ રહેવું ખૂબ જ જરૂરી છે.

૩. મિત્રતા અને મનોરંજનઃ મિત્રતા દ્વારા સમાજમાં માનસિક સમતોલન શીખી શકાય છે. રમતગમત અને સાહિત્યિક પ્રવૃત્તિઓ પણ મહત્વની છે.

૪. શીખવાની ઈચ્છાઃ દરેક નિષ્ફળતામાંથી શીખીને આગળ વધવાની માનસિકતા જ વૃદ્ધિનું કારણ બને છે. હાઈસ્કૂલના બાળકોની પ્રથમ સંત્રાંત પરીક્ષા ચાલી રહી છે અને પૂર્ણ થવા જઈ રહી છે. આ પરીક્ષાનું ખૂબ મહત્વ છે. ૫૦% જેટલો અભ્યાસ હોય છે. પરિરૂપ મુજબ પરીક્ષામાં પુછાતું હોય છે. તે વખતે બાળકો ઓછા અભ્યાસક્રમમાં વધુ તૈયારી કરે અને સારા ગુણ લાવે તેવા હેતુ અને ઉદ્દેશથી પરીક્ષાઓ લેવાતી હોય છે. આમ તો જીવનમાં ડગલે અને પગલે પરીક્ષા જ હોય છે. સૌથી મોટી પરીક્ષા સારા કર્મો છે. પરીક્ષા એ જીવનનો અંતિમ મુકામ નથી. પરંતુ મૂલ્યાંકન કરવાની પદ્ધતિ છે, જે ભણ્યા તેમાંથી શું શીખ્યા તે પદ્ધતિનો ભાગ છે. દિવાળીના વેકેશન પૂર્વે પરીક્ષા પૂર્ણ થઈ હોય ત્યારે વિદ્યાર્થીઓ વેકેશનના સમયગાળા દરમિયાન તેનું દ્રઢીકરણ અને પૃથ્થકરણ કરી શકે તેમજ આવનાર બોર્ડ પરીક્ષા માટે સારી તૈયારી કરી શકે માટે વેકેશનમાં વધુ અભ્યાસ કરવાથી સ્કોલર વિદ્યાર્થી બની શકે છે. ૨૧મી સદી ટેકનોલોજી અને સ્પર્ધાત્મક યુગની છે. એવા સમયે વિશ્વ ફલક સાથે કદમ મિલાવવા હોય તો શિક્ષણ જ પાયાનો એકમ છે. કેટલાક મુદ્દા આપ્યા છે જે વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉપયોગી થશે.

૧. કસોટીનું માપઃ પરીક્ષાઓ વિદ્યાર્થીના અભ્યાસકાળ દરમિયાન તેઓએ મેળવેલા જ્ઞાન અને કુશળતાઓનું મૂલ્યાંકન કરે છે. સ્વ મૂલ્યાંકન કરતા તેની આવડત કેળવાશે.

૨. પ્રતિસ્પર્ધાની તૈયારીઃ જીવનમાં પ્રતિસ્પર્ધા સાથેના સંજોગો માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા એ પરીક્ષાઓનું લક્ષ્ય છે. આજે ક્લાર્કથી કલેક્ટર સુધી સ્પર્ધાત્મક પરીક્ષા આપીને જ તે સ્ટેજ ઉપર પહોંચી શકાય છે માટે સ્પર્ધાત્મક બનવા માટે તૈયારી આયોજનબદ્ધ હોવી જોઈએ.

૩. મનોબળનો વિકાસઃ પરીક્ષાઓમાં સફળતા અથવા નિષ્ફળતા બંને જીવનમાં સહનશક્તિ અને મનોબળને વધારવામાં મદદ કરે છે. નિષ્ફળતા એ સફળતાની ચાવી છે. સફળતા એકદમ મળતી નથી એના માટે તનતોડ પરિશ્રમ કરવો પડે છે. જેમ પથ્થરમાંથી મૂર્તિ બનતા વાર લાગે છે તેમ વિદ્યાર્થીએ પણ ક્ષેત્રમાં સફળ થવા માટે ઘસાવું પડે છે.

૪. લક્ષ્યસાધનઃ પરીક્ષાઓ માટેના લક્ષ્યાંકોનું નિર્ધારણ વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ બનાવે છે અને સમયને યોગ્ય રીતે વાપરવાનું શીખવે છે. મહેનત પ્લસ લક્ષ એટલે સફળતા. કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે પોતાની જાતને ઓગાળી નાખવી પડે છે ત્યારે જ સિદ્ધિ અને રિદ્ધિ બંને મળે છે. અર્જુનને માત્ર માછલીની આંખ જ દેખાતી હતી. તેમ તમને જે પણ ફિલ્ડમાં હોવ તે જ તમારો ટાર્ગેટ હોવો જોઈએ.

૫. આયોજનબદ્ધ તેમજ તેનું અમલીકરણ કરવા માટે સમયને કાર્યભારથી ભાગી મહેનત કરો.

વિદ્યાર્થીઓ માટે ઉપાય અને અમલીકરણ

૧. અભ્યાસ માટેનું શેડ્યૂલ બનાવોઃ નિયમિત અભ્યાસ પર ભાર આપો અને અવકાશમાં આરામ અને મનોરંજનનો પણ સમાવેશ કરો. જે પણ કાર્ય કરવા બેસો તે સર્વશ્રેષ્ઠ કરો.

૨. આત્મવિશ્વાસ રાખોઃ દરેક નિષ્ફળતાને શીખવા માટેની તક સમજો. આત્મવિશ્વાસ પહાડ જેવો રાખવો જોઈએ. અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી તેમ તમારે પણ લક્ષ મેળવવા માટે સતત મહેનત કરવી જોઈએ છે. નિર્વ્યસની બનીને પૌષ્ટિક આહાર મેળવી અભ્યાસ કરવો જોઈએ.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

૩. તંદુરસ્ત જીવનશૈલી અપનાવોઃ યોગ્ય આહાર, ઊંઘ અને વ્યાયામનો સમાવેશ કરો. સવારે નિયમિત પ્રાણાયામ કરો અને મનને પ્રફુલિત રાખી પોઝિટિવ થીંક સાથે વાંચો જે પણ વાંચો તેમાં હંમેશા શુભ વિચારો વ્યક્ત કરો. મને આવડશે જ એવા સંકલ્પ સાથે તૈયારી કરશો એટલે આવડી જ જશે.

૪. અન્યોથી પ્રેરણા લોઃ સહાધ્યાયી મિત્રો અને શિક્ષકોની મદદથી નવી પદ્ધતિઓ શીખો. ભારતના મિસાઈલમેન અબ્દુલ કલામે વિદ્યાર્થી અવસ્થા દરમિયાન કબૂતરને ઉડતું જોયુ તેમાંથી તેઓ દેશના મિસાઈલ મેન બન્યા. તેમણે લક્ષને પકડી લીધુ. ક્યારેક નવરા પડીએ ત્યારે મોટીવેશન સ્પીચ સાંભળવી જોઈએ. મારાથી આ બધું થઈ શકશે એવા જ ભાવો હૃદયમાં અંકિત કરીએ. વિદ્યાર્થી જીવનમાં પરીક્ષાઓ દરમિયાન ક્યારેક તણાવપૂર્ણ લાગી શકે, પરંતુ તે જીવનની મોટી સફળતાઓ માટેના પગથિયા છે. જો વિદ્યાર્થી શાંતિથી અને શિસ્તથી આ સમયગાળાને સહન કરે, તો તે સફળતા તરફ આગળ વધી શકે છે. તનાવને ક્યારે પણ તમારી આગળ પાછળ આવવા દેતા નહીં તે ઉધઈનું કામ કરે છે. હસતા રહો, મસ્ત રહો અને ભણતા રહો આ સૂત્ર હંમેશા જીવનમાં અપનાવી લો. સફળતા તરફનો માર્ગ અભ્યાસે લાવ્યા સપનામાં રંગ, શિસ્તે શીખવ્યો સમયનો નમ્ર સંગ. આત્મવિશ્વાસથી જીવન સરસ બને, ચિંતાને છોડો અને કરો સફળતા માટે જંગ. સૌ વાચક વર્ગને નૂતન વર્ષના વર્ષાભિનંદન શિક્ષણ થકી જ સમાજમાં સુધારો આવી શકે છે.

■ Mo.9825702282

# પરિવારમાં વડીલોનું સ્થાન અને ભૂમિકા

પરિવારમાં વડીલ અને ધરતી પર વૃક્ષો એ બન્નેમાં મોટી સમાનતા જણાય છે. વડીલને યાદ કરતાં ઘેઘૂર વટવૃક્ષ યાદ આવે છે. કોઈક વડીલ પાસે જવું એટલે જાણે કોઈ વૃક્ષ પાસે જવું. વૃક્ષ ફળ ફૂલ પાંદડા ડાળ વગેરે તો આપે જ, પણ સૌથી પહેલા આપે છાંયડો અને છાંયડો એટલે 'હાશ'....પણ વૃક્ષ કેવળ ફળ-ફૂલ આપતું નથી. વૃક્ષ 'બોધિવૃક્ષ' પણ બની શકે છે આવું જ છે વડીલોનું. જે માણસ વડીલોની સલાહ લઈને ત્યારબાદ કોઈપણ બાબતે નિર્ણય લે છે તેને કદી પસ્તાવાનો સમય આવતો નથી.

યુવાનીમાં ગૃહસ્થાશ્રમને દીપાવ્યા પછી વડીલ થયા બાદ સાચા નાગરિક બનીને વાનપ્રસ્થાશ્રમને દીપાવવાનો છે. આ 'વાનપ્રસ્થ' એટલે શું ? વનમાં પ્રસ્થાન કરવું તે ? પ્રાચીન ભારતમાં અરણ્યનું એક વિશિષ્ટ સ્થાન હતું. ઋષિઓએ જે શ્લોકમાં જીવનના મૂળભૂત સનાતન સત્યોની વાતો લખી, ક્રિયાઓ લખી, તેવા જ્ઞાનગ્રંથને નામ આપ્યું 'બૃહદારણ્યક ઉપનિષદ'. એક વખત ચર્ચા ચાલતી કે ભારતીય સંસ્કૃતિ ગ્રામીણ છે કે શહેરી ત્યારે ગુરુદેવ ટાગોરે કહ્યું હતું કે ''ભારતીય સંસ્કૃતિ ન તો ગ્રામીણ છે કે ન શહેરી છે. ભારતની સંસ્કૃતિ આરણ્યક સંસ્કૃતિ છે.

સરકારમાં જે સ્થાન રાષ્ટ્રપતિનું છે પરિવારમાં તે સ્થાન વડીલનું છે. વડીલની છત્રછાયામાં બધા જ આનંદથી રહી શકે અને વિકાસ પામી શકે. જીવનની કેટલીક વાસ્તવિકતાઓ પરિવર્તનશીલ છે અને કેટલીક બાબતો અટલ છે. તેને બદલાવી કે ટાળી શકાતી નથી. આવી અપરિવર્તનશીલ હકીકતોને હસતે મોંએ આવકારી શકે તે માટેની પૂર્વ તૈયારી સમય રહેતાં વડીલોએ કરી લેવી જોઈએ માટે મોરલો ભરવો જ હોય તો યથાકાળે ભરત ભરવાનું શરૂ કરી દેવું જોઈએ અંધારે મોરલો ભરવા બેસીએ તો પછી ગૂંચવણ ભર્યા દોરાનો ઢગલો થઈને સામે અથડાય.

વડીલોએ વૃધ્ધત્વનો ભાર રાખ્યા સિવાય પોતાની પુત્રીના સંતાનો કે પુત્રના સંતાનો સાથે મન ભરીને હસી-રમી લેવું જોઈએ.

સાવ અમસ્તું નાહક નાહક, નિષ્ફળ નિષ્ફળ રમીએ, ચાલ મજાની આંબાવાડી, આવળ-બાવળ રમીએ, બાળ સહજ હોડી જેવું કાંઈ, કાગળ, કાગળ રમીએ, પાછળ વહેતું આવે જીવન, આગળ આગળ રમીએ.

વડીલોએ જીવનને આવી સરસ મજાની રમતો રમીને ખુશખુશાલ રાખવું જોઈએ.

વડીલની ભૂમિકા કુટુંબમાં સૌથી વધુ અઘરી છે, તેથી વડીલોએ સાવચેત રહીને આચારસંહિતા અપનાવવી પડશે.

(૧) વડીલોએ આદર્શોનો, વિચારોનો કે આચારોનો આગ્રહ કોઈના પર લેશમાત્ર પણ લાદવો ના જોઈએ.

(૨) વડીલોએ જીવનના બધાં જ સ્વપ્નો અને આદર્શો જે પોતે સિધ્ધ ન કરી શક્યા હોય તે પોતાના બાળકો પર દબાણ લાવીને સિધ્ધ કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ.

(૩) વડીલો પાસે અનુભવનો ભંડાર જરૂર હોય છે પણ તેથી કરીને એ ભંડારના રત્નો કાંઈ જ્યાં ત્યાં વેરવિખેર ઉડાડી ના દેવાય. કોઈપણ સંબંધમાં વણમાગી સલાહ કે ઉપદેશ ના આપવો જોઈએ.

(૪) વડીલની પાસે આવીને કોઈ વ્યક્તિ જો પોતાની મેળે પોતાનું હૃદય ખોલે તો તે ભલે ખોલવા દેવું પણ એની ઈચ્છા ન હોય તો કોઈને પૂછી પૂછીને અંગત બાબતો જાણવા દબાણ કરવું તે બરાબર નથી.

(૫) બીજાઓ સાથેના સંબંધોમાં બને તેટલી અપેક્ષાઓ ઓછી કરતાં જવું, મોટા ભાગના મનદુઃખનું મૂળ છે અપેક્ષા. અપેક્ષા ન સંતોષાય તો દુઃખ થાય. તેના કરતાં એ જ હૃદયને વડીલો જો નિરપેક્ષ પ્રેમથી ભરી દે તો ઘણું ઘણું પામ્યાનો અનુભવ પ્રાપ્ત કરશે.

(૬) વડીલોએ કોઈનો ન્યાય તોળવા ન બેસવું, ભગવાન ઈશુ ખ્રિસ્તે કહ્યું છે તેમ "Let us not Judge each other, but love."વડીલોએ અન્યોનો ન્યાય નહીં પણ સૌને વિશુધ્ધ સ્નેહ કરવો જોઈએ, ન્યાય કરનારા ભગવાન ઉપર બેઠા છે. એના કામમાં દખલગીરી કરવાની જરૂર નથી.

(૭) વડીલોએ કોઈનીય નિંદા ન કરવી જોઈએ. નરસિંહ મહેતાએ ગાયું છે ને કે ''વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે નિંદા ન કરે કેની રે !



(૮) વડીલોએ પોતાના સ્વજનો, સાથીઓને કંટાળો આવે તેવું કશું ન કરવું જોઈએ.

(૯) પોતે કરી શકે તેવા કામનો બોજ કોઈના ઉપર ના નાખવો. પોતાની પત્ની પર પણ નહિ. હું વડીલ છું માટે મારી સઘળી સેવા કોઈએ કરવી જોઈએ આવી વૃત્તિને બહુ પાળવી પોષવી નહિ. પોતાની પથારી પાથરવી તથા ઉપાડવી, તરસ લાગે ત્યારે પાણીયારે જઈ પાણી પી લેવું. નહાવા માટે બેસતાં પહેલાં પોતાના કપડા, ટુવાલ, ડોલ વગેરે જાતે જ લઈ લેવાં, જમતી વખતે પાણી ભરીને બેસવું. જમીને પછી થાળી વાસણો સાફ કરવામાં આવતાં હોય તે સ્થળે મૂકી આવવી. કપડાની ગડી વાળવી, ટેબલ ઝાપટવાં - આવા હળવા કામ કર્યે રાખવાની ટેવ પાડવી આ ઉપરાંત બાળકોને ભણાવવા, વાર્તાઓ કહેવી, ગીતો શીખવવાં, શ્લોકો યાદ કરાવવાં આવા નાના નાના કાર્યો જીવનને ગતિશીલ રાખવામાં મદદ કરશે. શક્તિ હોય તો દેવ દર્શને જતાં આવતાં બજારમાંથી શાકભાજી ખરીદી લવાય તો તે રીતે કુટુંબને ઉપયોગી થઈ શકાય.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સરીસર્ચ યુનિવર્સિટી ગાંધીનગર

પ્રત્યેક શ્વાસો-શ્વાસ રામ-હરિના ધબકાર ઝીલે તેવી કોશિશ કરવી, પારિજાતના ફૂલની સુગંધની જેમ આસપાસનું વાતાવરણ મહેંકી ઉઠે તેમ વડીલના વ્યક્તિત્વની સુગંધથી પરિવારનું કુટુંબ જીવન મહેંકી ઉઠે તે નિશ્ચિત વાત છે.

થોડાંક વર્ષો પહેલાં મેં એક વિદેશી બહેનને પૂછેલું, તમને અમારા ભારતીય જીવનમાં શું ગમ્યું ? ત્યારે ભીની આંખોએ એ બહેને મને કહેલું કે ''જો પ્રભુ મને પૂછશે કે તારે તારો આવતો જન્મ કયાં લેવો છે તો હું કહીશ કે ભારતમાં, કારણ કે આ તમારા ભારતમાં કુટુંબ નામની ચીજ છે એને લીધે બાળકને પ્રેમ અને હુંફ સતત સાંપડતા રહે છે.

પરિવારના સભ્યોને જ્યારે સલાહની જરૂર પડશે ત્યારે હોંશે હોંશે વિના સંકોચ વડીલ પાસે દોડી આવશે. વડીલોનું ઘરમાં હોવા પણું જ એમને માટે એક સુખદ ઘટના બની જશે. જેવી રીતે 'રેલગાડીમાં સંકટ સમયની સાંકળનું હોવાપણું' મુસાફરોને ભારે મોટી રાહત આપે છે તેવી રીતે કુટુંબમાં દાદા-દાદી રૂપી વડીલને સૌ કોઈ ઝંખશે.

યાદ રાખીએ કે સમય તો નિરંતર ચાલે છે, વહેતી નદીના પાણી પ્રત્યેક પળે બદલાય છે તેમ માણસ પણ બદલાય છે. ગઈકાલનો મનુષ્ય આજે નથી એટલું યાદ રાખી સ્નેહ સાધી લેવો, કટુતા છોડી દેવી અને હમેશાં સામી વ્યક્તિના ગુણ યાદ કરવા દોષ નહિ, ગુણોનું ગાન આ છે સહજીવનની આચારસંહિતા ! મન બુધ્ધિ ચિત્તમાં આ વાત દીવા જેવી સાફ થઈ જવી જોઈએ. વડીલોના વાત્સલ્યનો ધોધ સંતાનોના દોષોને પી જશે. દોષોને પી જવાનું સરળ નથી. હળાહળ ઝેર પી જનાર નિલકંઠ બનવું પડે પણ આજ છે પારિવારિક સાધના.

એટલે જ વિનોબાજીએ કહ્યું છે કે,

'વાત્સલ્ય દોષને પી જાય છે
સખ્યભાવ દોષને સહન કરે છે
પ્રેમને તો દોષ દેખાતો જ નથી.'

સંદર્ભ :જીવન સંધ્યાનું સ્વાગત-લેખિકા : શ્રી મીરા ભટ્ટ

hemangidmehta@gmail.com

# નાના માણસો પાહે એક હજાર હોય ક્યાંથી ?



"લૂંટાઈ ગયો બોસ, લૂંટાઈ ગયો. દિવાળીમાં હું લૂંટાઈ ગયો."

"અરે..પણ થયું શું? આમ હરાયા ઢોરની જેમ રઘવાયો ના થા અને જે હોય ઈ બોલ બકા."

"ઘેરથી ગાડી લઈને છોકરાના ફટાકડા લેવાં નીકળ્યો તો અને ફટાકડા લીધા વગર જ પાછો આવ્યો."

"તો..ઓ શું થયું? ફટાકડા ના મળ્યાં? ફટાકડા તો દિલ્હીમાં બંધ છે. અહીં તો ગમે એટલા અને ગમે ત્યારે અને તમને ગમે એમ ફોડી શકાય છે.

શેરીમાં ફોડો, રોડ ઉપર ફોડો, હાઈવેમાં ફોડો. અરે. ! રાહદારીની પરવા કર્યા વગર પણ ફોડો.

આટ આટલી સગવડતા આપણે ત્યાં છે. વ્યવસ્થા તંત્ર એના માટે સ્પેશ્યલ ફટાકડા બજાર ઊભી કરે છે. છતાંય શેરીએ શેરીએ ફટાકડાની દુકાન ઊભી થઈ જાય છે. તોય તને ફટાકડા ના મળ્યાં!?"



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"બોસ દુકાનો તો ઠેક ઠેકાણે હતી. પણ ..!?"

"પણ શું? બોલને. લાજ કોની કાઢે છે??"

"RTO વાળાના સહયોગી TRB જવાને મને ઊભો રાખ્યો. અને દંડની માંગણી કરવા લાગ્યા."

"જો બકા, દંડની માંગણી RTO ના સાહેબ સિવાય કોઈ કરી ના શકે. લઈ ના શકે."

"હવે આવી બધી અઘરી માહિતી અમને થોડી ખબર હોય ? અમને તો ડંડાવાળા બધા એક હરખા જ લાગે. અને અમે તો મોટા ગુનેગારની જેમ ઊભા જ રહીએ."

"હા પણ, પછી શું થયું? દંડ ભરવો પડયો ?"

"નાના માણસો પાહે એક હજાર હોય ક્યાંથી ?

ગુજરાતીઓને ભાવ કરવાની ટેવ હોય ને. મેં કહ્યું

સાહેબ ! કંઈક વ્યાજબી કરોને. એક હજાર તો ગુંજામાં છેય નય."

અને ડંડો પછાડતાં એમણે કહ્યું.

"ખોટાડા, GJ -પ લયને નીકળ્યો છો ને પૈસા નથી? "

"ઓ હો હો. તંઈ વાત ઈમ છે. GJ-પ ગમે તેમ જાય. તું ખોટો ઝપટે ચડી ગયો."

"હા પણ ! મારા છોકરાના ફટાકડાનું શું ? "

"છોકરાઓ તો એનેય હોય ને. એની માટે ફટાકડાનું શું!??"

"બોસ બેરાલાલે એવું હાંભળ્યું' તું કે, એ વેચાતા ફટાકડા લેતાં જ નથી. ટ્રાફિકને અડચણ રૂપ લારી ઊભી રાખનારાઓ, ગેરકાયદેસર ફટાકડા વેચનારાઓ પાંહેથી લય લે છે."

"હવે બેરાલાલે કેટલું હાંભળ્યું ને કેવું હાંભળ્યું? આવી બધી વાતોમાં વજન ના હોય. હા પણ, એક વાત પાક્કી છે કે, સુરતવાળાના ખિસ્સા ગરમ હોય અને તું એની વરાહે ઝપટે ચડી ગયો છો."

"હા પણ, તમે જાવ તો..એ પૈસા પાછા આપી દેહે !?"

"બકા ! માંકડને બટકું ભરતાં આવડે છે. મૂકતાં નથી આવડતું. એ તારા પૈસા તો ક્યાં ક્યાં પુગે એતો એ જ જાણે. પણ, તને એક વાત કહું? "

"બોલો ને બોસ. એટલે તો તમારી પાંહે આવ્યો છું."

"તું તારુ લાઈસન્સ કેમ નથી કઢાવી લેતો ?

લાઈસન્સ, પીયુસી અને ગાડીના કાગળ તારી પાંહે હોય. પછી કોઈના બાપથી તને રોકી ના હકાય."

"એ જ તો મોટી મોંકાણ છે બોસ. વારંવાર ટ્રાઈ આપું છું અને ફેલ થાવ છું. આમને આમ બે ચાર લાઈસન્સના પૈસા વપરાઈ ગયાં. પણ, હજી લાઈસન્સ ના આવ્યું."

અભણ અમથાલાલે એમની જાણકારી કહી..

"મેં તો સાંભળ્યું છે કે, ગાડીની ટ્રાઈ દેવામાં તમને જાણી જોઈને વારંવાર નાપાસ કરવામાં આવે છે."

"એ..એ.. અમથાલાલ એવું ના હોય ! એ લોકો લાઈસન્સ આપવા તો બેઠા છે."

"તમારી વાત સો ટકા સાચી. પણ, તમને ત્યાં અવળે હાથે કાન પકડાવે છે."

"કાન પકડાવે ? લાઈસન્સ લેવામાં કાન ??"

"બોસ તમે મહાવરો સમજ્યાં નહીં. અવળે હાથે કાન એટલે.., તમે ઓફિસ બહાર અડ્ડો જમાવીને બેઠેલા એજન્ટને મળો. એ તમારું કામ, તમામ કરી દેશે."

"કામ તમામ એટલે ? શું કરી દેહે !?"

"તમારી તમામ દોડાદોડી એ કરશે એમ !!"

"હા પણ બધાં સાહેબો તો એમ કહે છે કે, ઓફિસની બહાર કોઈ એજન્ટ બેસતો જ નથી અને એજન્ટ પ્રથા જ બંધ છે. તો પછી જાવું ક્યાં ??"

અમથાલાલે હળવેકથી કહ્યું. "જૂઓ.., એક ખાનગી વાત કહું. તમે મોરબી ચાલ્યા જાવ. "

"મોરબી !? ન્યા તો ટાઈલ્સ મળે છે. મારે મકાન નથી બનાવવું. લાઈસન્સ જોઈએ છે, લાઈસન્સ."

"તમે તો ભાઈ ભારે ઉતાવળા. મોરબીમાં ટાઈલ્સ સિવાય ઘણુંબધું થાય છે. તમે ત્યાં જાવ, તમારુ તમામ કામ એક જ ઝાટકે થઈ જાશે. હા ખર્ચ થોડોક વધશે. પણ વારંવારના ધક્કા મટી જાશે."

"બકાએ માથે હાથ દીધો. અરે ગાડી તો ફાસમ ફાસ આવડે છે. પણ અંગ્રેજીના આઠડામાં સીસીટીવી ભાગ ભજવે છે."

"એટલે જ કહું છું. તમારે ત્યાં આઠડો કરવાનો જ નથી. ત્યાં એક છોકરી છે એ કોઈકની રહેમનજરે સેવા કરી રહી છે. એ વારંવાર કપડાં બદલીને ટ્રાઈ આપે છે. તમારુ કામ થઈ જાશે અને એનું ય કામ થાશે.

બધાની આંખો ચાર થઈ ગઈ..!! તમારી ??

kalubhaibhad123@gmail.com

# ૮ સેલ્ફ ડિફેન્સ ટેકનિક... જે મહિલાએ જાણવી જરૂરી



યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતાઃ
યત્રૈતાસ્તુ ન પૂજ્યન્તે સર્વાસ્તત્રાફલાઃ ક્રિયાઃ

એટલે કે જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે. જ્યાં સ્ત્રીઓની પૂજા નથી થતી, તેમનું સન્માન નથી થતું, ત્યાં કરેલા બધા સારા કામ પણ નિરર્થક બની જાય છે.

પરંતુ આજે સમાજમાં આનાથી તદન વિપરીત ચિત્ર ઉપસી રહ્યું છે. ક્યાંક મહિલાઓને મળતા સન્માનમાં ખામી છે, તો ક્યાંક મહિલાઓ અસુરક્ષિત છે. ક્યાંક ઘરની ઈજ્જતના નામે ઘરની ચાર દિવાલોમાં કેદ છે, તો ક્યાંક પતિવ્રતાના નામે પતિના ત્રાસને પોતાનો ધર્મ ગણીને સહન કર્યે રાખે છે.

આવી મહિલાઓ ઘરની બહાર પણ સુરક્ષિત નથી. દિવસ હોય કે રાત, રસ્તા પર ચાલતી વખતે મહિલાઓ તરફ તાકતી આંખો, રસ્તા પર વાહન ધીમું કરી મહિલાને જોવી, બસ કે મેટ્રોમાં મહિલાને અયોગ્ય રીતે સ્પર્શ કરવો, ઓફિસોમાં દરરોજ નજરઅંદાજ થતી અસ્વસ્થ પરિસ્થિતિઓ...આ બધી એવી બાબત છે જેનો દરેક મહિલાને દિવસમાં એક વાર જ નહીં પણ ઘણીવાર સામનો કરવો પડ્યો હશે.

રેપ, એબ્યુઝ એન્ડ ઈન્સેસ્ટ નેશનલ નેટવર્કના અહેવાલ મુજબ, જાતીય હિંસાના ૭૦% કેસ અજાણ્યા દ્વારા નહીં, પણ પરિચિત લોકો દ્વારા થાય છે. આ ઘટનાઓ પર સંપૂર્ણ નિયંત્રણ રાખવું કોઈ માટે શક્ય નથી, પરંતુ મહિલા પોતે એટલી તો સક્ષમ હોવી જ જોઈએ, કે જે પોતાને સુરક્ષિત રાખવાની કળા જાણતી હોય. આવો સેલ્ફ ડિફેન્સની કેટલીક બાબતોને સમજીએ..

- (૧) ખુલ્લા હાથે પ્રહાર કરો :

તમારા હાથ કે મુક્કાથી હુમલાખોરના નાક, આંખ, કપાળ કે ગળા પર પ્રહાર કરો. તમારા હાથથી તમારા કાંડાને ટ્વિસ્ટ કરો, હુમલાખોરના નાકને ટાર્ગેટ કરી નાક પર કે હડપચીની નીચે કે ગળા પર પ્રહાર કરો, પછી ઝડપથી તમારા હાથને પાછો ખેંચી હુમલાખોરના માથા પર અને પાછળ ધક્કો મારો, જેથી હુમલાખોર પાછળની બાજુ અટકી જશે, જેથી તમે તેની પકડમાંથી છટકી શકશો.

- (૨) અપર એલ્બો અને બેક એલ્બોથી પ્રહાર કરો :

જો હુમલાખોર તમારી તદન નજીક હોય, તેથી તમે જોરદાર મુક્કો કે લાત મારી શકો તેમ ન હોવ, તો તમારી કોણીનો ઉપયોગ કરીને તમે હુમલાખોરને પાછળ ધકેલી શકશો.

- (૩) હેન્ડબેગમાં મરીનો સ્પ્રે રાખો :

તમે તમારી બેગમાં મરીનો સ્પ્રે રાખી શકો છો. કેટલાક મરીના સ્પ્રે ગ્લાસ બ્રેકર સાથે આવે છે, તેના ઉપયોગથી શંકાસ્પદ વ્યક્તિની આંખો અને શ્વસનતંત્રમાં તીવ્ર બળતરા થાય છે. વળી, તેના ઉપયોગથી છીંક અને ખાંસી આવતાં હોવાથી તમને બચવા માટે પૂરતો સમય મળી રહે છે.

- (૪) સંવેદનશીલ ભાગ પર હુમલો :


હુમલાખોરના સંવેદનશીલ અંગો જેવા કે, આંખ, નાક, ગળું, કમર, હાથ કે પગની વચ્ચે હાથ કે પગથી પૂરતા બળપૂર્વક મારો, એની સાથે મોટે મોટેથી અવાજ અને બૂમાબૂમ પણ કરો, જેથી લોકોના ભેગા થવાની બીકથી હુમલાખોર તરત જ નાસી જશે.

- (૫) જંઘામૂળ કિક :

હુમલાખોરથી પોતાનું રક્ષણ કરવા માટે આ કિક શ્રેષ્ઠ ગણાય છે. જો હુમલાખોર સામેથી હુમલો કરવા આવે તો તમે આ કિકનો ઉપયોગ કરી શકો છો. આમાં તમે તમારી એડીને પાછળની તરફ કરો જેથી તમારો પગ ત્રિકોણ બની જાય. ઘૂંટણને ઉપર તરફ ખસેડો અને હુમલાખોરના પગ વચ્ચે પ્રહાર કરો.

- (૬) હેમર સ્ટ્રાઈકનો પ્રયોગ :

જ્યારે તમારી સામે કોઈ જોખમ આવે ત્યારે તમે હેમર સ્ટ્રાઈકનો ઉપયોગ કરો. એ માટે તમે તમારી પાસેની કાર, સ્કૂટર કે ઘરની ચાવી કે પછી ઘરમાં પડી રહેલી નકામી ચાવીને હથિયાર બનાવી શકો છો. તમારી સાડીના પાલવ કે દુપટ્ટાના છેડે એક નકામી ચાવીના ઝૂમખાને પહેલેથી જ બાંધેલું રાખો. લોલકની જેમ ઝૂલતા પાલવ કે દુપટ્ટાને પકડી ગોળ-ગોળ ફેરવી એ ઝૂમખું હુમલાખોરના મોં પર મારી શકો છો.



જીવન તરંગ
જયસ્વી પટેલ

- (૭) પોલીસ, હેલ્પલાઈન નંબર પર કૉલ કરો :

જો તમને એવું લાગે કે, તમે બહુ મુશ્કેલીમાં કે સંકટમાં છો, તો મદદ માટે તરત જ પોલીસને કે અભયમ હેલ્પ લાઈનને કૉલ કરો. મહિલા સુરક્ષા માટે રચાયેલાં મહિલા સેલ અને એનજીઓ મહિલાઓની સુરક્ષા માટે ૨૪ કલાક તૈનાત રહે છે. તેમના નંબર મેળવીને તમારા મોબાઈલ ફોનમાં સેવ કરીને રાખો.

- (૮) મોબાઈલ ફોનમાં વીમેન સેફ્ટી એપ ઈન્સ્ટોલ કરો :

એવી ઘણી ઓછી શક્યતા છે કે બધી મહિલાઓ પોતાની હેન્ડબેગમાં કે પર્સમાં મરી-સ્પ્રે જેવું કંઈક રાખે. પરંતુ, સંકટના સમયે તમારી પાસે આ બધું ન હોય, તો પણ તમારો મોબાઈલ ફોન તો ચોક્કસ તમારી પાસે જ હશે, તેમાં વીમેન સેફ્ટી એપ ઈન્સ્ટોલ કરી રાખો. જેથી જરૂર પડ્યે કે સંકટ સમયે એ એપ કામ લાગી શકે. મોબાઈલ ફોન માટે ઘણી એપ્સ છે, જે ખાસ મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને બનાવી છે.

સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ લીધેલી મહિલાઓમાં...(૧) કટોકટીની પરિસ્થિતિઓમાં વધુ સારી સુરક્ષા વ્યૂહરચના હોય છે. (૨) તેઓ કોઈપણ અજાણી વ્યક્તિ દ્વારા કે પછી જાણીતા લોકો દ્વારા થતા સંભવિત હુમલા કે દુરુપયોગનો સામનો કરવા માટે વધુ સારી રીતે સજ્જ હોય છે. (૩) સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ લીધેલી મહિલાઓમાં સ્વ-બચાવ માટે આત્મવિશ્વાસ વધે છે.

sanjogpurti@gmail.com

# આળસુ ચકો!



"ચકા, ઓ ચકા! આ સૂરજ હવે માથે ચડ્યો. હવે તો જાગ. ગામ આખું ક્યારનુંય કામે વળગી ગયું. ને તમે હજુ સૂતા છો." - ચકાને જગાડતા જગાડતા ચકી બોલી.

ચકો ખૂબ આળસુ હતો. જ્યારે જુઓ ત્યારે બસ ઊંઘતો જ હોય. બેઠો બેઠોય ઝોકા ખાય. ચકાની અતિશય આળસથી ચકી કંટાળી ગઈ હતી. આખો દિવસ ચકી મહેનત કરે ને ચકો માળામાં પડ્યો રહે. ચકી દાણા શોધી લાવે, પાણી ભરી લાવે, જમવાનુંય બનાવે. બધુંય કામ કરે પણ ચકાના પેટનું પાણી જરાય ન હાલે.

આ બીજા પંખીઓ કેવા ઊંચે આભમાં ઊડે! મિત્રો સાથે હરે, ફરે, રમે ને મજ્જા કરે. પણ ચકો માળો છોડીને ક્યાંય ન જાય. ચકી ચકાની આળસ ખંખેરવા ઘણી મહેનત કરે. ગમે તેમ કરી ચકો માળામાંથી બેઠો થાય, બીજા પંખીઓની જેમ ઊડે, ફરે ને રમે એ માટે ચકી ઘણું સમજાવતી.

ચકી કહે, "આ જુઓને! પેલા પોપટજી વહેલી સવારના જાગી ગયા છે. કેવા સરસ મજાના તૈયાર થયા છે! જાવ જાવ, એમને પૂછો તો ખરા કે સવાર સવારમાં આમ તૈયાર થઈને ક્યાં જાય છે?"

ચકાએ માળામાંથી સહેજ ડોકું ઊંચું કરીને જોઈ લીધું ને બોલ્યો, "આ પોપટજી પણ નવરા છે. સવાર સવારમાં આમ તૈયાર થઈને ક્યાંય નીકળાતું હશે! સવાર સવારમાં કોઈના ઘેર જવું એ કાંઈ સારું ન કહેવાય!" એમ કહેતાં ચકાએ આંખો બંધ કરી દીધી ને નસકોરાં બોલાવતો વળી પાછો ઘસઘસાટ સૂઈ ગયો.

ચકીને બધા પંખીઓ પૂછે પણ ખરા, "ચકીબેન ચકીબેન! હમણાંથી ચકાભાઈ કેમ ક્યાંય દેખાતા નથી. એમની તબિયત તો ઠીક છે ને!" ચકી જવાબ આપે તો શું આપે! ચકી સંકોચતા અવાજે કહેતી, "ના રે ના! એ તો એય મળામાં લહેરથી ઊંઘે છે. એ ભલા ને એમની ઊંઘ ભલી." ચકીબેનનો જવાબ સાંભળી બધાય પંખીઓ ખડખડાટ હસી પડતાં.

ચકીને હવે ચિંતા થતી હતી. દિવસે ને દિવસે ચકો વધુ આળસુ બનતો જતો હતો. એવામાં એક દિવસ ચકી બીમાર પડી. પરોઢ થયું, સૂરજ માથે ચડ્યો પણ ચકી ઊઠી નહિ. આ જોઈને ચકાને નવાઈ લાગી. ચકાને થયું, "આ ચકી હજુ કેમ જાગી નહિ હોય! એ તો વહેલી સવારે ઊઠીને કામે વળગી પડે. એ ક્યારેય આમ મોડા સુધી ઊંઘી ન રહે! લાવ તો, જરા જોઈ લઉં!" એમ વિચારતાં ચકાએ જોયું તો ચકીનું શરીર લાય જેવું હતું. એના શ્વાસ પણ ઝડપથી ચાલી રહ્યા હતા. ચકાને થયું નક્કી ચકીની તબિયત ઠીક નથી. મારે કાંઈક કરવું પડશે. એમ વિચારતો ચકો ઊડયો.

ઘણા દિવસે ચકાને ઊડતો જોઈ સૌ પંખીઓને નવાઈ લાગી. એ ઊડતો ઊડતો હાંફળોફાંફળો મોર પાસે પહોંચ્યો ને બોલ્યો, "મોરભાઈ, મોરભાઈ! આ જુઓને, ચકીને શું થઈ ગયું છે? એનું શરીર ખૂબ તપે છે ને શ્વાસ પણ ઝડપથી ચાલી રહ્યા છે! મને ખુબ ચિંતા થાય છે."

"અરે ચકાભાઈ! તમતમારે લે'રથી ઊંઘી જાઓ ને! એ તો હમણાં જાગશે! તમારે કાંઈ ખોટી ચિંતા કરવાની શી જરૂર છે. આમેય ચકીબેન રાત-દિવસ એકલાં એકલાં મહેનત કરે જ છે ને!" - મોરભાઈ ટોણો મારતા બોલ્યા.



રે વાર્તા!
મનીષ સુથાર

"ના ના મોરભાઈ! તમે સમજો છો એવું જરાય નથી. ચકી ખરેખર બીમાર છે. મારે એની દરકાર કરવી જ પડશે. ગમે તેમ કરી મારે ચકીને બેઠી કરવી છે. હું હવે જરૂર વહેલો ઊઠીશ, કામ કરીશ ને બધા કામમાં એની મદદ કરીશ." ચકાને હવે બધું સમજાતું હતું.

"ચકાભાઈ! હવે તમે સાચું સમજ્યા. લો, આ મારી પાસે દવા પડી છે તે લેતા જાવ. ચકીબેનને આપજો ને કાળજી લેશો. એમને જરૂર સારું થઈ જશે."

ચકો તો રાજીરાજી થઈ ગયો. એના જીવમાં જીવ આવ્યો. એ ચકીને નિયમિત દવા આપતો ને સેવા કરતો. હવે રોજ સવારે એ વહેલો ઊઠી કામે વળગી જતો ને બધુંય કામ કરી લેતો. આ જોઈ ચકીબેનના આનંદનો પાર ન હતો. જ્યાં સુધી ચકીબેન સાજા થઈ ગયા ત્યાં સુધી ચકો આળસ ખંખેરી બધું કામ કરતો. હવે એ પણ ચકીની જેમ કામગરો થઈ ગયો. ચકોય ખુશ ને ચકીય ખુશ!


એક સવારે બંને ચણની શોધમાં ચીં... ચીં... ચીં... કરતાં ઊડયા. બંનેને સાથે જોઈ બધા પંખીઓ આનંદિત થઈ ગયાં.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# 'દાના'વાવાઝોડાને લઈ પં.બંગાળ અને ઓરિસ્સામાં શાળા-કોલેજો બંધ

કોલકાત્તા,તા.૨૨



આગામી ૨૪ કલાકમાં ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે 'દાના' વાવાઝોડું ત્રાટકવાની શક્યતાઓ છે. આ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૦૦થી ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જેને ધ્યાનમાં લઈને IMDએ ઘણા જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જારી કર્યા છે તેમજ માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપી છે. સોમવારે, ભારતની સિલિકોન વેલી બેંગલુરુમાં ભારે વરસાદ થયો હતો. જેના પગલે ૨૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી તો ઘણી ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી હતી. તેમજ શહેરમાં ભારે વરસાદને કારણે અઠવાડિયામાં બીજી વખત શાળા-કોલેજો બંધ કરવી પડી હતી. હવામાન વિભાગે મંગળવારે દક્ષિણી કર્ણાટક, કોસ્ટલ કર્ણાટક, કેરળ અને તમિલનાડુના ભાગોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. હવામાન વિભાગે જણાવ્યું કે બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર આજે સવારે ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ જશે.

# નૌકાદળની તાકાત વધી, ભારતે લોન્ચ કરી પોતાની ચોથી ન્યુક્લિયર સબમરીન

વિશાખાપટ્ટનમ,તા.૨૨



ભારતે તેના વિરોધીઓ સામે તેના પરમાણુ પ્રતિરોધને મજબૂત કરવા વિશાખાપટ્ટનમમાં શિપ બિલ્ડિંગ સેન્ટર ખાતે તેની ચોથી પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઈલથી સજ્જ સબમરીન લોન્ચ કરી છે. જાણકારી અનુસાર, ૧૬ ઓક્ટોબરે રક્ષા મંત્રી રાજનાથ સિંહે તેને વિશાખાપટ્ટનમના શિપ બિલ્ડિંગ સેન્ટરમાં લોન્ચ કરી હતી. સબમરીનનો ૭૫% માલ ભારતમાં બનેલ છે. તેનું કોડનેમ જી૪ છે. તે પાંત્રીસસો કિલોમીટરની રેન્જ સાથે ન્યુક્લિયર બેલેસ્ટિક મિસાઈલથી સજ્જ છે. નેવીની એસ ૪ સબમરીન ૩,૫૦૦ કિમીની રેન્જ સાથે કે-૪ પરમાણુ બેલેસ્ટિક મિસાઈલોથી સજ્જ છે. જેને વર્ટિકલ લોન્ચિંગ સિસ્ટમ દ્વારા ફાયર કરી શકાય છે. જ્યારે આઈએનએસ અરિહંત, તેની પ્રથમ શ્રેણી, ૭૫૦ કિમીની રેન્જ સાથે કે-૧૫ પરમાણુ મિસાઈલ લઈ શકે છે. આઈએનએસ અરિહંત અને આઈએનએસ અરિઘાટ બંને પહેલાથી જ ઊંડા સમુદ્રમાં પેટ્રોલિંગ કરી રહી છે.

# મહારાષ્ટ્રમાં સીટોની ફાળવણીને લઈ ઉદ્ધવ-કોંગ્રેસ વચ્ચે ખેંચતાણ

નાગપુર,તા.૨૨

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધને પોતાની પ્રથમ ૯૯ બેઠકો પર ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. પરંતુ તેને મજબૂત ટક્કર આપનાર હરીફ મહાવિકાસ અઘાડી ગઠબંધન બેઠક ફાળવણી મુદ્દે અટવાયું છે. મહારાષ્ટ્ર કોંગ્રેસે દિલ્હી હાઈ કમાન્ડને સ્પષ્ટપણે ઉદ્ધવ ઠાકરેની શિવસેના સામે નમતુ ન જોખવા સૂચન કર્યું છે, વિદર્ભમાં શિવસેનાના દબાણ હેઠળ બેઠકો ન ફાળવવા કહ્યું છે. લોકસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસને મહારાષ્ટ્રમાં ઘણી અપેક્ષા છે, જ્યાંથી તેના ૧૩ સાંસદોએ જીત હાંસલ કરી હતી. કોંગ્રેસ NCP (શરદ પવાર) સાથે પણ વાતચીત કરી રહી છે. તેણે પણ વિદર્ભમાં બેઠક માગી છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસના નેતાઓએ ઉદ્ધવ ઠાકરે જૂથ પર બેઠક વહેંચણીમાં વધુ ભાગીદારી માગવા માટે દબાણ થઈ રહ્યું હોવાનો આરોપ મૂક્યો છે.

# આવતીકાલે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સ્વાગત કાર્યક્રમ યોજાશે

અમરેલી,તા.૨૨



**સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નાગરિકોની રજૂઆતો સાંભળશે**

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૪મી ઓક્ટોબરે બપોરે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઓક્ટોબર-૨૦૨૪નો રાજયકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૪મી ઓક્ટોબરે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુરૂવારે ૨૪મી ઓક્ટોબરે બપોરે રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો, તા. ૨૪મી ઓક્ટોબરને ગુરૂવારે સવારે ૮-૩૦ વાગ્યાથી ૧૧-૩૦ કલાક સુધીમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે મુખ્યમંત્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

# સા.કુંડલામાં પાંચમી નવેમ્બરે મુખ્યમંત્રીના હસ્તે વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલા શહેરમાં આગામી તા.૫-૧૧-૨૪ના રોજ મુખ્યમંત્રીના હસ્તે વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવનાર છે. જેમાં રૂ.૫૪ કરોડના ખર્ચે નિર્માણ થનાર રિવરફ્રન્ટ, નાવલી નદીના ટેક્સી સ્ટેન્ડ વિસ્તારમાં નવી ગટર યોજના તેમજ જૂના માર્કેટ યાર્ડમાં શહેરના પ્રથમ ધારાસભ્ય ભગવાનજીબાપા કસવાળાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે.આ કાર્યક્રમની તડામાર તૈયારીઓના ભાગરૂપે અમરેલી કલેક્ટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પંડ્યા, ડેપ્યુટી કલેક્ટર ધારા, મામલતદાર બારીયા અને પાલિકા ચીફ ઓફિસર બોરડ સહિતની ટીમે તમામ સ્થળોનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીની જાહેરસભા નવા માર્કેટિંગ યાર્ડમાં યોજાશે. વહીવટી તંત્ર દ્વારા કાર્યક્રમની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

# અમરેલી જિલ્લામાં પાછોતરા વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન અંગે કિસાન સંઘનું આવેદન

અમરેલી,તા.૨૨



અમરેલી જિલ્લામાં છેલ્લા વીસ દિવસથી પડી રહેલા પાછોતરા વરસાદના કારણે ખેડૂતોને મગફળી, સોયાબીન અને કપાસના પાકમાં વ્યાપક નુકસાન થયું છે. આ મુદ્દે અમરેલી જિલ્લા કિસાન સંઘના પદાધિકારીઓએ આજે કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. કિસાન સંઘના જિલ્લા પ્રમુખ લાલજીભાઈ વેકરીયા, ઉપપ્રમુખ વસંતભાઈ ભંડેરી અને મંત્રી કૌશિકભાઈ ગજેરા સહિતના પદાધિકારીઓએ દિવાળી પહેલાં નુકસાનીનો સર્વે કરી વળતર ચૂકવવાની માગણી કરી હતી. આ મામલે પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મરે ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભાજપ પર ભરોસો નથી. ખેડૂતો વરસાદના કારણે પાયમાલ થયા છે, અને સાંસદો તથા ધારાસભ્યો માત્ર પત્ર લખે છે ત્યારે ભાજપના નેતાઓએ શરમ અનુભવવી જોઈએ.

# અયોધ્યા રામમંદિરના ગર્ભગૃહની રજકણનું ૩ લાખ પરિવારોમાં નિઃશુલ્ક વિતરણ

અમદાવાદ,તા.૨૨



અમદાવાદ અને સુરતમાં કાર્યરત સંવેદના સંસ્થાએ અયોધ્યા રામમંદિરના ગર્ભગૃહની ૧૦૦૦ કિલો માટીનું ૩ લાખથી વધુ પરિવારોમાં નિઃશુલ્ક વિતરણ કરવાનું આયોજન કર્યું છે. સંસ્થાએ છેલ્લા ૬ મહિનાથી આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સંસ્થાના સંદીપ જોધાણીના જણાવ્યા અનુસાર, નવરાત્રીની શરૂઆતમાં અયોધ્યા જઈને ત્યાંના વહીવટીતંત્ર અને મંદિરના ટ્રસ્ટીઓની મંજૂરી મેળવ્યા બાદ માટી કુરિયર મારફતે અમદાવાદ લાવવામાં આવી છે. માટીને લેમિનેશન કરીને દરેક પરિવારને ૩ ગ્રામ રજકણનું પેકિંગ આપવામાં આવશે. શહેરના રામમંદિરથી વિતરણની શરૂઆત કરાશે અને જરૂર પડ્યે વધુ માટી લાવવાની તૈયારી છે. અન્ય રાજ્યોમાંથી ઓનલાઈન ફોર્મ ભરનારને નિઃશુલ્ક કુરિયર દ્વારા ઘરે પહોંચાડવામાં આવશે. સંસ્થાના ઋષિક દૂધાતે જણાવ્યું કે, તેમણે જાતે અયોધ્યામાં જઈને માટી એકત્રિત કરી હતી, જે ૫ દિવસમાં અમદાવાદ પહોંચી છે. હાલમાં એક હજાર કિલો રજકણને સાફ કરવાની કામગીરી ચાલી રહી છે. સંસ્થા દ્વારા મજૂરો રોકીને માટીની સફાઈ અને યોગ્ય પેકેજિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

# અમરેલી, બાબરામાં કપાસની મબલખ આવકથી યાર્ડ છલકાયુ

બાબરા,તા.૨૨



અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદે ખેડૂતોની આર્થિક કમર તોડી નાખી છે છતાં અમરેલી અને બાબરાના માર્કેટીંગ યાર્ડમાં કપાસની મબલખ આવક જોવા મળી હતી. અમરેલી ખાતે યાર્ડમાં અંદાજે ૩૫ હજાર જેટલી ગાંસડીની આવક થઈ હતી જેના કારણે અમરેલીનું માર્કેટીંગ યાર્ડ કપાસની આવકથી છલકાયુ હતું. કપાસની આવક હજુ પણ યાર્ડમાં ચાલુ છે તો બાબરા માર્કેટીંગ યાર્ડ ખાતે વહેલી સવારથી જ કપાસની ચિક્કાર આવક જોવા મળી હતી. વરસાદની આગાહી હોય તેમજ દિવાળીનો તહેવાર નજીક આવતો હોવાથી ખેડૂતો દ્વારા ભરપુર પ્રમાણમાં કપાસ લાવવામાં આવ્યો હતો. બાબરામાં હજુ પણ કપાસની આવક જોવા મળશે તેમ યાર્ડ સેક્રેટરી અજયભાઈ પંડયાની યાદીમાં જણાવાયુ છે.

**દિલીપભાઈ સંઘાણી, કૌશીકભાઈ વેકરીયા, મુકેશભાઈ સંઘાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ**

# શરદપૂનમની રાત્રે સારહી તપોવન આશ્રમ ખાતે ખેલૈયાઓની રમઝટ

અમરેલી, તા.૨૨








શરદપૂનમની રઢિયાળી રાત્રે સારહી તપોવન આશ્રમના સ્વપ્રદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીનાં નેતૃત્વમાં તપસ્વીઓની સંગાથે ઈફ્કો/ગુજકોમાસોલનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગુજરાત સરકારનાં નાયબ દંડક કૌશીકભાઈ વેકરીયા, પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જેન્તીભાઈ પાનસુરીયા, માર્કેટીંગ યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, બિપીનભાઈ જોષી, વનરાજભાઈ કોઠિવાળ, રમેશભાઈ કાથરોટીયા, પ્રાગજીભાઈ કાલરીયા સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાસ ગરબા યોજાયા હતા. જેમાં માતાજીની આરાધના કરી ખેલૈયા, બાળકો, યુવાનો, વડીલો, તપસ્વીઓ રાસ રમ્યા હતા. શ્રેષ્ઠ ગરબા લેનારા ખેલૈયાઓને ઈનામો અર્પણ કરવામાં આવ્યા હતા.

# ડોળાસા ગામમાંથી પસાર થતો હાઈવે રોડ બિસ્માર હાલતમાં, લોકો અને વાહન ચાલકો તોબા...,,!!

ડોળાસા, તા.૨૨



તસ્વીર : અનિલ કાનાબાર

ડોળાસા ગામે ગત સાલ નવો પેવર રોડ બન્યો હતો પણ આ ચોમાસાનો પ્રથમ વરસાદ ૨૦ જૂનના રોજ થયો અને બસ સ્ટેશન વિસ્તારના રોડમાં તળાવો બની ગયા...,! એક એક ફૂટના ખાડામાંથી અને તે પણ પાણી ભર્યું હોય ત્યારે વાહન ચલાવવું મોટી સમસ્યા ઉભી કરે છે. આ ખરાબ રોડના કારણે અનેક નાના મોટા અકસ્માતો થયા છે પણ તંત્ર બેફિકર છે. ..! શું કોઈ જીવલેણ અકસ્માત સર્જાય તેની રાહ જોવાઈ રહી છે.? લોકોની સહન શક્તિની પરીક્ષા લેવામાં આવી રહી છે. ડોળાસાના લોકો રસ્તાના પ્રશ્ને આંદોલનનો માર્ગ અપનાવે તે પહેલાં હાઈવે રોડને ફરીથી પેવર બનાવવા માંગ ઉઠી છે.

**૩૧મી ઓક્ટોબર સુધીમાં બાયોમેટ્રીક ઓથેન્ટિકેશન દ્વારા રજીસ્ટ્રેશન કરાવવું**

# ટેકાના ભાવે વેચાણ કરવા ખેડૂતોએ નોંધણી કરવી ફરજીયાત

અમરેલી,તા.૨૨

ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝનાં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી, મકાઈની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ મારફતે કરવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતોએ તેમની નોંધણી ઓનલાઈન કરવાની રહે છે. સમગ્ર રાજયમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે તા.૩૧/૧૦/૨૦૨૪ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટિફિકેશન દ્વારા જ ખરીદી થનાર હોય તમામ ખેડૂતોને નોંધણી કરાવવા અનુરોધ છે. ટેકાના ભાવે ખરીદી તા.૦૬/૧૧/૨૦૨૪ (લાભ પાંચમ) થી તા.૧૫/૦૧/૨૦૨૫ દરમિયાન થશે. બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦/- નું બોનસ આપવામાં આવશે. નોંધણી માટે જરુરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અની નકલ, ગામ નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેન્ક ખાતાની વિગત, બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઈન નોંધણી ફરજિયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવી. ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવી હોય તે ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ-ઓળખપત્ર સાથે રાખવું. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટિફિકેશન દ્વારા જ જથ્થો ખરીદ થશે. માગ્યા મુજબના તમામ ડોક્યુમેન્ટસ અપલોડ થાય તે વખતે ધ્યાનમાં રાખવાનું કે, તે સુવાચ્ય અને સ્પષ્ટ હોય. સ્થળ-કાઉન્ટર છોડતા પહેલાં અપલોડ થાય તેની નોંધણી બાબતે ખાસ કાળજી રાખવી. ડોક્યુમેન્ટસની ચકાસણી વખતે ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરવામાં આવ્યા હોવાનું ધ્યાને આવશે તો જે-તે ખેડૂતના ક્રમ રદ થશે અને ખરીદી માટે તેની જાણ નહીં કરવામાં આવે. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવો, તેમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ અમરેલી જિલ્લા નાયબ મેનેજર દ્વારા જણાવવામાં આવ્યું છે.

છેલ્લા એક સપ્તાહમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને પાયમાલ થવાની સ્થિતિ સર્જાઈ

# ગુજરાતમાં ૨૪ કલાક બાદ વરસાદનું જોર ઘટશે: વાવાઝોડાનું જોખમ નહીવત

**૨૪ કલાક બાદ સમગ્ર રાજ્યનું વાતાવરણ શુષ્ક બનશે**




અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને પાયમાલ થવાની સ્થિતિ સર્જાઈ છે, પરંતુ હવે હવામાન વિભાગ દ્વારા ખેડૂતો માટે સારા સમાચાર જાહેર કરવામાં આવ્યા છે. જેમાં આગામી ૨૪ કલાક બાદ ગુજરાતનું વાતાવરણ શુષ્ક બનશે. એટલે કે ગુજરાત ઉપરથી વરસાદની આફત જતી રહેશે અને ફરી એક વખત તાપમાનમાં વધારો થશે. અમદાવાદ સહિત રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. તથા બંગાળની ખાડીમાં જે ડિપ્રેશન સર્જાયું છે, તેની અસર પણ ગુજરાતમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં રહેશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ગાજવીજ સાથે છુટાછવાયા હળવા વરસાદની શક્યતા છે તથા અમદાવાદ સહિત ગાંધીનગર અને આસપાસના જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ રહેશે. સાથે પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં પણ વધારો થતા ગરમીનો અનુભવ થશે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે દિવસથી અમદાવાદનું વાતાવરણ પણ શુષ્ક રહેવાની સાથે આગામી ૨૪ કલાક બાદ સમગ્ર રાજ્યનું વાતાવરણ શુષ્ક બનશે. પરંતુ ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

# સાવરકુંડલામાં રખડતા ઢોરે ઢીંક મારતા પ્રૌઢાનું મોત



સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલામાં પૌત્રને દાદીમા આંગણવાડીમાં ભણવા માટે મૂકવા જતા હતા ત્યારે માધવાણીની વાડી શિવાજીનગરમાં રસ્તામાં ગાયે ઢીંક મારતા ઉર્મિલાબેન નટુભાઈ ચુડાસમા (ઊ.વ. ૬૫)નામની મહિલાને હેમરેજ થતા મૃત્યુ થયું હતું. ગાયે પ્રૌઢા પર હુમલો કરતા ૧૫ જેટલા માણસોએ આ પ્રૌઢાને છોડાવવાનો પ્રયત્ન કર્યો છતાં ગાયે ઢીંક મારવાનું ચાલુ રાખ્યું હતું ત્યારે શહેરમાં રખડતા પશુઓને કારણે શહેરીજનો ભય અનુભવી રહ્યા છે અને સવાલ કરી રહ્યા છે કે શહેરને રખડતા ઢોરમાંથી ક્યારે છુટકારો મળશે? રખડતા ઢોરને કારણે પ્રૌઢાએ જીવ ગુમાવ્યો છે ત્યારે આવો બનાવ અન્ય કોઈ સાથે ન બને તેવુ શહેરીજનો ઈચ્છી રહ્યાં છે.











